RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 181* Date: 29.04.2021 Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## અમેરિકા, બ્રાઝિલ અને મેક્સિકો બાદ ચોથા ક્રમે ભારત ચોથો દેશ, જ્યાં સંક્રમણથી ૨ લાખ દર્દીનાં મૃત્યુ થયાં,

# ભયજનક સ્થિતિ, ૨૪ કલાકમાં ૩ હજારથી વધુ મૃત્યુ, ૩.૬૦ લાખથી નવા કેસ

ન્યુ દિલ્હી,તા.૨૮

દેશમાં કોરોનાની બીજી લહેર દિવસેને દિવસે વધુ ભયાનક સ્વરૂપ ધારણ કરી રહી છે. છેલ્લા એકાદ સપ્તાહથી દેશમાં દરરોજ કોરોનાના ૩ લાખથી પણ વધારે નવા કેસ સામે આવી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ભારતમાં પહેલી વખત ૩,૦૦૦થી પણ વધારે લોકોના મોત થયા છે. વધી રહેલા કોરોના સંક્રમણ વચ્ચે દેશમાં હોસ્પિટલોની સ્થિતિ પણ ખૂબ જ ભયાનક છે.

તાજેતરના અહેવાલ પ્રમાણે ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના કુલ ૩.૬૨ લાખ નવા કેસ નોંધાયા છે. જ્યારે ૩,૨૮૫ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ ભારતમાં કુલ મૃતકઆંક પણ ૨ લાખને પાર કરી ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં નોંધાયેલા ૩,૬૨,૯૦૨ નવા કેસની સાથે દેશમાં એક્ટિવ કેસનો આંકડો ૨૯,૭૨,૧૦૬એ પહોંચ્યો છે.

અત્યાર સુધીમાં દેશમાં કુલ ૧,૭૯,૮૮,૬૩૭ લોકો કોરોનાથી સંક્રમિત થયા છે અને તે પૈકીના કુલ ૨,૦૧,૧૬૫ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. વિશ્વમાં કોરોનાના કારણે થયેલા કુલ મૃત્યુ મામલે ભારત ચોથા નંબરે આવી ગયું છે. સૌથી વધુ મૃત્યુ અમેરિકા, બ્રાઝિલ અને મેક્સિકોમાં થયા છે અને તેના પછીના ક્રમે ભારતનો નંબર આવે છે.

મંગળવારે મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૬૬,૩૫૮ નવા દર્દીઓ મળ્યા. આ પહેલાં અહીં ૪૮ હજાર સંક્રમિતો નોંધાયા હતા. કેરળ, કર્ણાટક અને ઉત્તરપ્રદેશ એવાં રાજ્ય છે, જ્યાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૦ હજારથી વધુ લોકો સંક્રમિત મળ્યા. ઉત્તરપ્રદેશમાં ૩૨,૯૨૧, કેરળમાં ૩૨,૮૧૯ અને કર્ણાટકમાં ૩૧,૮૩૦ સંક્રમિત નોંધાયા છે.



અલગ-અલગ શહેરો પ્રમાણે જોવામાં આવે તો હાલ સૌથી વધુ દર્દીઓ બેંગલુરુમાં છે. અહીં એક્ટિવ દર્દીઓની સંખ્યા ૨ લાખ ૬ હજાર ૨૨૩ છે. અત્યારસુધીમાં આ શહેરમાં ૬ લાખ ૮૭ હજાર ૭૫૧ સંક્રમિત નોંધાયા છે, તેમાંથી ૪ લાખ ૭૫ હજાર ૫૨૫ લોકો સાજા થઈ ચૂક્યા છે, જ્યારે ૬૦૦૨ દર્દીનાં મૃત્યુ થઈ ચૂક્યાં છે. દેશમાં બીજા નંબરે પુણે છે. અહીં ૧ લાખ ૪ હજાર ૫૬૧ એક્ટિવ કેસ છે, જ્યારે દિલ્હીમાં ૯૮૨૬૪ એક્ટિવ કેસ છે.

કોરોનાથી સૌથી વધુ પ્રભાવિત મહારાષ્ટ્રમાં નવા કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. સ્વાસ્થ્ય વિભાગ તરફથી રાત્રે જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે છેલ્લા ૨૪ કલાકમાં ૬૬,૩૫૮ લોકો કોરોનાથી સંક્રમિત થયા છે. આ સમય દરમિયાન ૬૭,૭૫૨ દર્દી રિકવર થયા છે. રાજ્યમાં અત્યાર સુધી ૪૪,૧૦૦,૮૫ લોકો કોરોનાની ઝપેટમાં આવ્યા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૮૯૫ દર્દીઓના મોત થયા છે. આ એક દિવસમાં મોતનો અત્યાર સુધીનો સૌથી મોટો આંકડો છે. રાજ્યમાં સોમવારે ૪૮,૭૦૦ નવા કેસ સામે આવ્યા હતા અને ૫૨૪ લોકોના મૃત્યુ થયા હતા. મહારાષ્ટ્રમાં ૧૮ એપ્રિલે સૌથી વધુ ૬૮,૬૩૧ કેસ સામે આવ્યા હતા.

રાજ્ય આરોગ્ય વિભાગ દ્વારા ગઈ કાલે સાંજે જાહેર કરાયેલા આંકડા મુજબ રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૧૪૩૫૨ દર્દીઓ નોંધાયા છે. આ સાથે કુલ કેસનો આંકડો ૫,૨૪,૭૨૫ પર પહોંચ્યો છે. રાજ્યમાં ગઈ કાલે ૭૮૦૩ દર્દી રિક્વર થયા. આ સાથે અત્યાર સુધીમાં કુલ ૩,૯૦,૨૨૯ લોકો કોરોનાને માત આપીને રિકવર થયા છે. એક જ દિવસમાં ૧૭૦ લોકોએ કોરોનાથી જીવ ગુમાવ્યો છો. આ સાથે રાજ્યમાં કોરોનાથી કુલ મૃત્યુનો આંકડો ૬૬૫૬ પર પહોંચ્યો છે.

# રૂપાણી સરકારનું અઘોષિત લોકડાઉન, સમગ્ર રાજ્યના શહેરો સજ્જડ બંધ

ગાંધીનગર,તા.૨૮

ગુજરાતમાં કોરોનાના કેસો ઘટવાનું નામ નથી લઈ રહ્યા, ત્યારે આ સંક્રમણને ખાળવા માટે રાજયના ૨૯ શહેરોમાં મીની લોકડાઉન લાગુ થઇ ગયું છે અને તેના પાલન માટે પોલીસ અને અન્ય સંસ્થાઓ મેદાને આવી છે.

સૌરાષ્ટ્રના ૧૨ શહેરોમાં આજથી આ કડક નિયંત્રણો અમલી બન્યા છે અને ઘણી બજારો બધં જોવા મળી છે. જે શહેરોમાં કડક નિયંત્રણો લાગુ કરવામાં આવ્યા છે તેમાં રાજકોટ, જામનગર, ભાવનગર, જુનાગઢ, મોરબી, ભુજ, ગાંધીધામ, સુરેન્દ્રનગર, અમરેલી, પોરબંદર, બોટાદ અને વેરાવળ–સોમનાથનો સમાવેશ થાય છે.



કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા ૨૬ એપ્રિલે બહાર પાડવામાં આવેલી નવી ગાઈડલાઈન્સ સંદર્ભે સીએમ પાણીની અધ્યક્ષતામાં ઉચ્ચ અધિકારીઓની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ મિટિંગમાં કેન્દ્રની ગાઈડલાઈન્સ અનુસાર રાજયમાં કોરોનાનો ફેલાવો અટકાવવા માટે હવે ૨૯ શહેરોમાં સાંજે ૮થી સવારે ૬ વાગ્યા સુધી કરયૂ લાગુ કરવા સહિતના મહત્વપૂર્ણ નિયમો જાહેર કરાયા છે.

લ ગુજરાતમાં ૮ મહાનગરો તેમજ ૨૦ શહેરોમાં સાંજે આઠથી સવારે ૬ વાગ્યા સુધી કરયૂ અમલમાં છે. જોકે, હવે તેનો વ્યાપ વધારાયો છે. હવે હિંમતનગર, પાલનપુર, નવસારી, વલસાડ, પોરબંદર, બોટાદ, વિરમગામ, છોટાઉદેપુર, વેરાવળ–સોમનાથમાં પણ આ કરયૂ લાગુ રહેશે. આ ઉપરાંત સરકારે કેટલાક અન્ય નિયંત્રણોની પણ જાહેરાત કરી છે. નવા નિયમો અને નિયંત્રણો આગામી તારીખ ૦૫ મે સુધી અમલમાં રહેશે. જોકે, તેમાં આવશ્યક સેવાઓને મુકિત આપવામાં આવી છે.

તમામ ૨૯ શહેરોમાં ૦૫ મે સુધી અનાજ–કરિયાણાની દુકાન, શાકભાજી, ફળ–ફળાદિ, મેડિકલ સ્ટોર, મિલ્ક પાર્લર, બેકરી તથા ખાધપદાર્થોની દુકાનો ચાલુ રહેશે તેવું સરકારે સ્પષ્ટ્ર કયુ છે. આ ૨૯ શહેરોમાં પણ તમામ ઉધોગો, ઉત્પાદન એકમો, કારખાનાઓ અને બાંધકામ પ્રવૃત્તિઓ યથાવત ચાલુ રહેશે. જોકે, આ તમામ એકમોએ એસઓપીનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ ઉપરાંત, તમામ મેડિકલ અને પેરામેડિકલ સેવાઓ યથાવત રહેશે. આ ૨૯ શહેરોમાં તમામ રેસ્ટોરાં બધં રહેશે માત્ર ટેક–અવે સેવાઓ જ ચાલુ રાખી શકાશે. તમામ ૨૯ શહેરોમાં મોલ, શોપિંગ કોમ્પલેક્ષ, ગુજરી બજાર, સિનેમા હોલ, ઓડિટોરિમય, જીમ, સ્વીમિંગ પુલ, વોટરપાર્ક, જાહેર બાગ–બગીચાઓ, સલૂન, સ્પા, બ્યુટી પાર્લર અને અન્ય એમ્યુઝમેન્ટ પ્રવૃત્તિઓ પણ ૦૫ મે સુધી બધં રાખવાનો આદેશ અપાયો છે.

સમગ્ર રાયમાં તમામ એપીએમસી પણ બધં રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. જોકે, શાકભાજી અને ફળ–ફળાદીનું વેચાણ ચાલુ રહેશે. આ ઉપરાંત, આખાય રાયમાં તમામ ધાર્મિક સ્થળોએ જાહેર જનતાનો પ્રવેશ પણ બધં કરી દેવાના આદેશ અપાયા છે. માત્ર સંચાલકો અને પૂજારીઓ પૂજાવિધિ કરી શકશે. અમદાવાદ, સુરત જેવા શહેરોમાં હાલ એએમટીએસ તેમજ બીઆરટીએસની બસો બધં છે. જોકે, રાયમાં એસટીની બસો ૫૦ ટકા ક્ષમતા સાથે ચાલુ રાખવાનું સરકારે જાહેર કયુ છે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષ પદે મળેલી આ તાકીદની બેઠકમાં ગૃહ રાય મંત્રી પ્રદિપસિંહ જાડેજા, મુખ્ય સચિવ અનિલ મુકીમ, અધિક મુખ્ય સચિવ (ગૃહ) પંકજકુમાર, પોલીસ મહાનિર્દેશક આશિષ ભાટિયા, આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડો. શ્રીમતી જયંતિ રવિ સહિતના વરિ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.ઉલ્લેખનીય છે કે, કોરોનાની બીજી લહેરમાં ગુજરાતમાં ગ્રામ્ય વિસ્તારોમાં પણ કેસો વધી રહ્યા છે. હાલ તો એવી સ્થિતિ છે કે વડોદરા શહેર કરતાં વધુ કેસ મહેસાણા જિલ્લામાં નોંધાઈ રહ્યા છે.

# કોરોના આઉટ ઓફ કંટ્રોલ,દેશના ૧૫૦ જિલ્લામાં કડક લોકડાઉન લગાવવાની તૈયારી

ન્યુ દિલ્હી,તા.૨૮

કોરોનાની વધતી ઝડપને જોતા દેશના અનેક જિલ્લાઓમાં લોકડાઉન લાગી શકે છે. કેન્દ્ર સરકારે આ અંગે એક પ્રસ્તાવ તૈયાર કર્યો છે. જેમાં રાજ્યોને કહેવાયું છે કે સૌથી વધુ સંવેદનશીલ જિલ્લાઓમાં કડક લોકડાઉન લગાવવું જોઈએ. જેથી કરીને સંક્રમણ ફેલાતું અટકે. જો કે કેન્દ્રએ જીવન જરૂરિયાતની વસ્તુઓને લોકડાઉનમાં છૂટ આપવાની વાત પણ કરી છે. અત્રે જણાવવાનું કે દેશમાં કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે.

એક રિપોર્ટ મુજબ સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે પ્રસ્તાવમાં કહ્યું છે કે જો જલદી સંબંધિત જિલ્લાઓમાં લોકડાઉન લગાવવામાં ન આવ્યું તો સંક્રમણના કેસ ઝડપથી વધી શકે છે. પ્રસ્તાવમાં એવા ૧૫૦ જિલ્લાઓમાં લોકડાઉન લગાવવાનું સૂચન કરાયું છે જ્યાં ૧૫ ટકાથી વધુ પોઝિટિવિટી રેટ છે. કેન્દ્રએ કહ્યું કે આ જિલ્લાઓમાં જરૂરી સેવાઓમાં છૂટ આપીને લોકડાઉન લગાવવાનું રહેશે. નહીં તો સ્વાસથ્ય સિસ્ટમ પર ખુબ વધુ બોજો આવી જશે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે મંગળવારે એક ઉચ્ચસ્તરીય બેઠકમાં આ ભલામણ કરી હતી. જો કે રાજ્ય સરકારો સાથે સલાહ બાદ કેન્દ્ર આખરી નિર્ણય લેશે. આ પ્રસ્તાવમાં વધુ સંશોધન થઈ શકે છે. પરંતુ મંત્રાલયનું માનવું છે કે હાલ કેસ લોડ અને પોઝિટિવિટી રેટને નિયંત્રિત કરવો જરૂરી છે. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે અમારા વિશ્લેષણથી જાણવા મળે છે કે ખુબ વધુ પોઝિટિવિટી રેટ ધરાવતા જિલ્લાઓમાં આગામી કેટલાક અઠવાડિયા માટે કડક લોકડાઉન લગાવવામાં આવશે. જેથી કરીને સંક્રમણની ચેન તોડી શકાય. આ અગાઉ કેન્દ્ર સરકારે રવિવારે રાજ્યોને કહ્યું હતું કે એવા જિલ્લાઓ કે જ્યાં પોઝિટિવિટી રેટ એક અઠવાડિયાથી ૧૦ ટકાથી વધુ છે ત્યાં કડક લોકડાઉન લગાવવું જોઈએ. આ સાથે જ સરકારે રાજ્યોને ચેતવ્યા હતા કે હાલના સંસાધનોથી કોરોનાની બીજી લહેરનો મુકાબલો થઈ શકશે નહીં. તેમાં સતત સુધાર કરવો પડશે. કેન્દ્રનું કહેવું છે કે રાજ્યોએ કોવિડના મેનેજમેન્ટ પર તત્કાળ કામ કરવાની જરૂર છે. નહીં તો સંક્રમણને નિયંત્રણમાં લેવું ખુબ મુશ્કેલ થઈ જશે.

અત્રે જણાવવાનું કે સૌથી વધુ કેસ મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, કર્ણાટકથી આવ્યા છે. કેરળ જેવા નાના રાજ્યમાં પણ રેકોર્ડબ્રેક કેસ સામે આવી રહ્યા છે. આંકડા મુજબ ભારતમાં હાલ સંક્રમણ દર ૨૦ ટકા છે. દેશમાં એક્ટિવ કેસ સતત વધી રહ્યા છે. સોમવારે દેશમાં ૨૮.૮ લાખ એક્ટિવ કેસ હતા. મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, કર્ણાટક, કેરળ, રાજસ્થાન, ગુજરાત, છત્તીસગઢ અને તામિલનાડુ દેશના આઠ એવા રાજ્યો છે જ્યાં કોરોનાના ૧-૧ લાખથી વધુ એક્ટિવ કેસ છે. કુલ એક્ટિવ કેસમાં આ રાજ્યોની ભાગીદારી ૬૯ ટકા છે.

## વેક્સિન ઉપર કેન્દ્રએ કર્યો રાજ્યોને નિર્દેશ

# ૧ મેથી ૧૮+ વેક્સિનેશન પર ગ્રહણ, અનેક રાજ્યો પાસે સ્ટોક નથી

ન્યુ દિલ્હી,તા.૨૮

કોરોનાને નાથવા માટે રસીકરણનું અભિયાન ચાલુ છે. આ અભિયાન ૧ મેથી નવી ગતિ પ્રાપ્ત કરવા જઈ રહ્યું છે. ૧ મેથી ૧૮ વર્ષ અને તેના કરતા વધુ ઉંમરના દરેક માટે ખુલ્લું રહેશે. તે જ સમયે, કેન્દ્ર સરકાર કહે છે કે રાજ્ય સરકાર પાસે એક કરોડથી વધુ રસી ઉપલબ્ધ છે.

પહેલી મેથી શરૂ થતાં રસીકરણના નવા તબક્કાના સંદર્ભમાં, કેન્દ્ર સરકાર કહે છે કે રાજ્ય, કેન્દ્રશાસિત પ્રદેશોમાં હજી ૧ કરોડ રસી બાકી છે. જ્યારે આગામી ત્રણ દિવસમાં ૮૦ લાખ ડોઝ પહોંચી રહ્યા છે. ભારત સરકારે રાજ્યોને અત્યાર સુધીમાં ૧૫.૬૫ કરોડ રસી મફતમાં આપી છે.કેન્દ્ર સરકારના જણાવ્યા અનુસાર, અત્યાર સુધી રાજ્યોએ કુલ ૧૪.૬૪ કરોડના ડોઝનો ઉપયોગ કર્યો છે. ત્યાં ૧૦ મિલિયન ડોઝ બાકી છે અને ૮ મિલિયનથી વધુ ડોઝ રાજ્યોને આગામી ત્રણ દિવસમાં મળી જશે.

વેક્સિન અંગે કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યોને પત્ર લખવામાં આવ્યો છે. આમાં કેન્દ્રએ કહ્યું છે કે રસી સ્ટોકનો આ રીતે ઉપયોગ થતો હતો . જેથી ૧૮ વર્ષથી વધુ ઉંમરના લોકોને રસીની નવો સપ્લાય મળી શકે. જે પુરવઠો સીધો રાજ્યોમાં આપવામાં આવે છે, તેનો ઉપયોગ ૧૮ વર્ષથી ઉપરના લોકો માટે કરવામાં આવે છે

કેન્દ્રનું કહેવું છે કે વેક્સિન ઉત્પાદકો પાસેથી અડધો પુરવઠો કેન્દ્રને આપવામાં આવશે, જેનું કેન્દ્ર રાજ્યોમાં વિતરણ કરવામાં આવશે. કેન્દ્રમાંથી એવી રીતે રાજ્યોને પુરવઠો પૂરો પાડવામાં આવી રહ્યો છે, તેનો ઉપયોગ ૪૫ વર્ષથી વધુ ઉંમરના લોકો માટે થવો જોઈએ, જેમ કે હાલમાં થઈ રહ્યું છે. મહારાષ્ટ્ર, છત્તીસગઢ, રાજસ્થાન, ઝારખંડ, ઓડિશા જેવા ઘણા રાજ્યોએ રસીની ઉણપનો મુદ્દો ઉઠાવ્યો છે, જ્યારે કેટલાક સ્થળોએ રસીકરણ પણ બંધ કરાયું હતું.

રસીકરણના નવા તબક્કાના સંદર્ભમાં, રાજસ્થાનના આરોગ્ય પ્રધાન રઘુ શર્મા કહે છે કે આપણા રાજ્યમાં, ૧૮-૪૫ વર્ષની વય વચ્ચે કુલ ૩.૨૫. કરોડ લોકો છે, આવી સ્થિતિમાં સાત કરોડ રસી ડોઝની જરૂર છે.નથી. આ રીતે, અમે રસીકરણ કેવી રીતે શરૂ કરી શકીએ.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**

**કોરોના નવા કેસની સંખ્યા:૧૪૧૨૦**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો**

**પહોંચ્યો : ૫૩૮૮૪૫**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**

**લોકોનાં મૃત્યુઃ ૧૭૪**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**

**દર્દીઓની સંખ્યા :૮૫૯૫**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ**

**દર્દીઓની સંખ્યા : ૩૯૮૮૨૪**

# રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો પાસે હજુ ૧ કરોડ વેક્સીનનો સ્ટૉક ઉપલબ્ધઃ કેન્દ્ર

ન્યુ દિલ્હી,તા.૨૮

આરોગ્ય મંત્રાલયે નિવેદન જાહેર કરીને કહ્યુ કે હજુ રાજ્યો પાસે ૧ કરોડ વેક્સીનનો સ્ટૉક બચ્યો છે. આ ઉપરાંત આગલા ૩ દિવસમાં ૮૦ લાખ વધુ વેક્સીન ઉપલબ્ધ કરાવી દેવામાં આવશે. આરોગ્ય મંત્રાલય અનુસાર સૌથી વધુ કોરોના વેક્સીનનો ડોઝ (૧૦ લાખ) ઉત્તર પ્રદેશ પાસે ઉપલબ્ધ છે. ત્યારબાદ મહારાષ્ટ્ર(૯ લાખ) અને બિહાર(૭.૫૦ લાખ) બીજા અને ત્રીજા સ્થાને છે.મંત્રાલયના જણાવ્યા અનુસાર મહારાષ્ટ્રમાં અત્યાર સુધી ૧.૪ કરોડ લોકોને રસી લગાવવામાં આવી ચૂકી છે. રાજસ્થાનમાં ૧.૩ કરોડ, ઉત્તર પ્રદેશમાં ૧.૨૩ કરોડ અને ગુજરાતમાં ૧.૨૧ કરોડ લોકોને કોરોના વાયરસની રસી લગાવવામાં આવી ચૂકી છે. આ ઉપરાંત આરોગ્ય મંત્રાલયે કહ્યુ કે અંદમાન નિકોબાર દ્વીપ સમૂહ, અરુણાચલ પ્રદેશ, ગોવા, હિમાચલ પ્રદેશ, કેરળ, મિઝોરમ, ઓરિસ્સા એવા રાજ્યો છે જ્યાંથી વેક્સીનની કમીના કોઈ સમાચાર સામે આવ્યા નથી.

વળી, દેશમાં મંગળવાર સુધી ૧૪.૫ કરોડ લોકોને કોવિડની વેક્સીન આપવામાં આવી ચૂકી છે જેમાં ૯૩,૨૪,૭૭૦ આરોગ્યકર્મી જેમને કોરોનાનો પહેલો ડોઝ લગાવવામાં આવી ચૂક્યો છે. જ્યારે ૬૦,૬૦,૭૧૮ આરોગ્યકર્મીઓને કોરોનાનો બીજો ડોઝ પણ લગાવવામાં આવી ચૂક્યો છે. આ ઉપરાંત ૧,૨૧,૧૦,૨૫૮ ફ્રંટલાઈન વર્કરોને કોરોનાનો પહેલો જ્યારે ૬૪,૨૫,૯૯૨ ફ્રંટલાઈન વર્કરોને કોરોનાનો બીજો ડોઝ આપી દેવામાં આવ્યો છે.મંત્રાલયના જણાવ્યા અનુસાર ૪,૯૩,૪૮,૨૩૮ લાભાર્થી ૪૫ વર્ષથી ૬૦ વર્ષની ઉંમરના છે જેને કોરોનાનો પહેલો ડોઝ આપવામાં આવી ચૂક્યો છે. જ્યારે ૪૫થી ૬૦ વર્ષની ઉંમરના ૨૬,૯૨,૩૭૬ લાભાર્થી એવા છે જેમને કોરોનાનો બીજો ડોઝ પણ આપવામાં આવી ચૂક્યો છે.

## તંત્રી સ્થાનેથી...

# કોંગ્રેસ પાસેથી ગાંધીજી તો છીનવી લીધા પરંતુ તેમના સત્યના સિદ્ધાંતોનો સ્વીકાર.....!?

કોંગ્રેસ પાસેથી ગાંધીજી અને સરદાર પટેલને આચકી લેનાર ભાજપના રાજનેતાઓએ હવે ગાંધીજીએ પોતે અમલમાં મૂકેલા સત્યના સિધ્ધાંતોનું અમલીકરણ કરવું જરૂરી બન્યું છે....નહી તો ભારતની આમ પ્રજા દેશમાં કોરોના મહામારીમા બની રહેલી તમામ પ્રકારની ૧૦૮ સેવાથી માંડીને હોસ્પિટલોમા બેડ, ઓક્સિજન અછત, દવાવો અને સતત બોલી રહેલા સ્મશાન ગૃહોને જોઈ રહી છે અને અનુભવી રહી છે. ત્યારે જૂઠ હવે ચાલે તેમ નથી એ વાત તમામ પક્ષના સત્તાધારીઓ રાજનેતાઓએ સમજી જવાની જરૂર છે. કારણ હવે પ્રજા આ ઘાતક કોરોના મહામારીની અસર ભૂલી શકે તેવી સ્થિતિ બનતા વર્ષો વીતી જશે.... માટે સમયનો તકાજો છે કે કોરોના મહામારી બાબતેની સ્થિતીનુ સાચું ચિત્રણ આમ પ્રજા સમક્ષ રજૂ કરો તેમાં સૌ કોઈની ભલાઈ છે. તો આમ પ્રજા વધુ સતેજ બની જશે અને સ્વયંભૂ કોરોના નિયમોનું પાલન કરશે અને કરાવશે. માત્ર સત્તાપ્રાપ્તિની રમતો હવે ચાલે તેવી સ્થિતિ દેશમાં નથી રહી.મોટાભાગની પ્રજા જાગ્રત થઈ ગઈ છે. આમ પ્રજામાં જે આક્રોશી સવાલો ફરી વળ્યા છે તેનો પડઘો મદ્રાસ હાઈકોર્ટે અને દેશની સુપ્રીમ કોર્ટ ઉપરાંત અન્ય રાજ્યની હાઈકોર્ટોએ પાડ્યો છે. લોકો જે ઇચ્છી રહ્યા છે... તેમ કોરોના ફેલાવવા માટેના જવાબદારો જે કોઈ પણ હોય... પછી તે ઉચ્ચ અધિકારીઓ હોય કે અધિકારીઓ, રાજનેતાઓ કે જે તે નેતાઓ સહીત કોઈ પણ હોય તે તમામ પર કાયદાકીય ફરિયાદો નોંધાવીજ જોઈએ.... કારણ કે કેન્દ્ર સરકાર કે મોટાભાગની રાજ્ય સરકારોએ આમ પ્રજાને બાનમાં લીધી હોય તેમ કાયદાના કોરડા વિજે રાખ્યા છે અને પ્રજા ઉપર જ કોરોના ફેલાવવાના આક્ષેપો કરી રહ્યા છે. જ્યારે કાગળ પરના તમામ દોડી રહેલા ઘોડાઓની કોરોના મહામારીએ ખુલ્લા પાડી દીધા છે....!

દેશના મીડિયાએ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોની પબ્લીક હેલ્થ ક્ષેત્રની તમામ બાબતોની કામગીરીનો પર્દાફાસ કરી નાખ્યો છે. તો વિદેશના મીડિયાએ મોદી સરકાર ઉપર માછલા ધોવામાં કોઈ કચાશ રાખી નથી. ભારત સરકારમાં ચાલી રહેલી પબ્લિક હેલ્થ ક્ષેત્રની પોલનો ફુગ્ગો ફોડી નાખ્યો છે..... પ્રજાકીય સત્ય ચિત્રણ રજૂ કર્યું છે.... ત્યારે કેન્દ્ર સરકારે પોતાની આબરૂ બચાવવા જે તે વિદેશની સરકારને પત્ર લખ્યો પરંતુ તે પણ જાહેર થઈ ગયો છે. બીજી તરફ કેન્દ્ર સરકાર સુપ્રીમ કોર્ટમાં જે પ્રકારે પોતાનુ બચાવવાનું રજૂ કરી રહી છે તેને કોર્ટ અને કાયદાવિદોની ફોજ સ્વીકાર કરવા તૈયાર નથી... પરંતુ મોટાભાગની આમ પ્રજા કેન્દ્ર સરકાર સહિત જે તે રાજ્ય સરકાર અંગે સુપ્રીમ કોર્ટ તથા હાઈકોર્ટોમાં બચાવ માટેની જરૂરી રજુઆતોને ધુત્કારવા સાથે આક્રોશમય બની ગઈ છે. તેમાં કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કેન્દ્ર સરકારે કોરોના બાબતે જે પ્રકારે બચાવ કરી રહી છે તેની પોલ ખુલ્લી પાડી દીધી છે. મંત્રી ગડકરીએ સ્વીકાર્યું છે કે કોરોના સામે લડવા માટે પૂરતા પ્રમાણમાં સગવડો નથી, ઓક્સિજનની અછત છે, દવાની અછત છે, ડોક્ટરો અને સ્ટાફની તંગી છે તેવું નિવેદન કર્યું.... છતાં મોદી સરકાર કે તેના સમર્થકો એક હરફ નથી ઉચ્ચારતા....!? ત્યારે વધુ એક પોલ જાહેર થઈ ગઈ છે જેમાં ગત વર્ષે નવેમ્બર મહિનામાં સંસદીય સમિતિએ સંસદમાં સબમીટ કરી દીધેલ અહેવાલમાં ઓક્સિજનની અછતની ચેતવણી આપવા સાથે તેના ભાવ મર્યાદા નક્કી કરી ભવિષ્યને ધ્યાનમાં લઇ ઓક્સિજનનું વધુમાં વધુ ઉત્પાદન થાય તે તરફ ધ્યાન આપવું જરૂરી છે, ઉપરાંત અનેક સરકારી હોસ્પિટલોમાં બેડ્સની અછત છે, વેન્ટીલેટર પુરતા પ્રમાણમા નથી, ઓક્સિજનની અછત હોવા સહિતની બાબતો દર્શાવેલ છે.... પરંતુ કેન્દ્ર સરકારે આ અહેવાલને નજર અંદાજ કરી દીધો.....! અને આજે તેના પરિણામો આમ પ્રજા ભોગવી રહી છે.... અને હવે વિદેશથી ઓક્સિજન, વેન્ટિલેટર,દવાઓ વગેરે આયાત કરવા દોડવા લાગી છે. ત્યારે સરકાર હવે બધા અભિયાનો રોકી વધુ ઓક્સિજન આપતા વૃક્ષો ઉગાડવાનુ અભિયાન ચલાવે તે વધુ જરૂરી બન્યું છે તો વૃક્ષો કાપવા પર પ્રતિબંધ મૂકવા સાથે આકરી સજાની જોગવાઈ કરવી જરૂરી છે....બાકી વૃક્ષો કાપી છાંયડો ગોતવા જવાની સ્થિતી દેશભરમા બની ગઈ છે.. તેને ક્યારે સમજી શકાશે....?!, વંદે માતરમ્,

# વિશ્વના ૧૭ દેશોમાં કોવિડ-૧૯નો ભારતીય વેરિયન્ટ ફેલાયો: WHO

જિનિવા:

વિશ્વ આરોગ્ય સંસ્થાએ કહ્યું હતું કે ભારતમાં કોરોના વાઈરસના કેસોમાં વધારા માટે જવાબદાર કોવિડ-૧૯ વેરિયેન્ટ ૠ.૧.૬૧૭ એક ડઝનથી વધુ દેશો મળી આવ્યા છે. સંયુક્ત રાષ્ટ્રની આરોગ્યની એજન્સીએ કહ્યું હતું કે કોરોનાના ૠ.૧.૬૧૭ વેરિયન્ટ પહેલી વાર ભારતમાં મળી આવ્યા હતા. એની સાથે GISAID ઓપન એક્સેસ ડેટાબેઝ પર અપલોડ કરવામાં આવેલા ૧૨૦૦થી વધુ સિક્વન્સ કમસે કમ ૧૭ દેશોમાં માલૂમ પડે છે.

WHOએ રોગચાળા સંબંધી સાપ્તાહિક અપડેટમાં કહ્યું છે કે ભારત, નાઈટેડ કિંગડમ, અમેરિકા અને સિંગાપુરમાંથી સૌથી વધુ સિકવન્સ અપલોડ કરવામાં આવ્યા છે. WHOએ હાલમાં જ ૠ.૧.૬૧૭ને કોવિડ-૧૯ નવા વેરિયેન્ટ તરીકે ઘોષિત કર્યા છે. આરોગ્ય સંસ્થાએ કહ્યું છે આમાં હળવા મ્યુટેશન આવે છે. જોકે અત્યાર સુધી એને ચિંતાજનક જાહેર નથી કરવામાં આવ્યા.

ભારત રોગચાળામાં નવા કેસો અને મોતોનો સામનો કરી રહ્યો છે. આશંકા છે કે જે પ્રકારે આંકડા વધી રહ્યા છે, એ ભારત માટે વિનાશકારી થઈ શકે છે. ભારતમાં મંગળવારે ૩.૫૦ લાખ કરતાં વધુ નવા કેસો નોંધાયા છે. WHOએ સ્વીકાર કર્યો હતો કે GISAID દ્વારા કરવામાં આવેલી સિક્વેન્સિંગનો આધાર પર એની શરૂઆતની મોડલિંગ એ ઈશારો કરે છે કે ભારતમાં અન્ય વેરિયેન્ટની તુલનામાં ૠ.૧.૬૧૭નો વૃદ્ધિદર વધુ છે.

એનાથી ટ્રાન્સમિશન ઝડપથી વધી શકે છે. WHOએ કહ્યું હતું કે કેટલાય અભ્યાસમાં કહેવામાં આવ્યું છે કે બીજી લહેરનો પ્રસાર પહેલાંની તુલનામાં બહુ ઝડપથી થયો છે.

# રાજકોટમાં વરવી વાસ્તવિક્તા, એક ગાડીમાં ૫-૬ મૃતદેહોના દ્રશ્યો

રાજકોટ,તા.૨૮

ગુજરાતમાં કોરોના વાયરસે બરાબરનું ભરડામાં લીધું છે. અમદાવાદ, સુરત, રાજકોટ હોટ સ્પોટ સાબિત થયા છે, અહીં દર્દીઓને જોર હાલાકી ભોગવવી પડે છે જેના કારણે લોકોના મોત થઈ રહ્યા છે. રાજકોટમાં કોરોનાથી મોતની વરવી વાસ્તવિક્ત રજૂ કરતું એક દ્રશ્ય સામે આવ્યું છે. આ દ્રશ્ય જોઈને એવું લાગી રહ્યું છે કે અહીં મડદાઓને મોતનો મલાજો પણ જળવાતો નથી. આજે કોરોનાથી રાજકોટમાં મોતની વરવી વાસ્તવિકતા સામે આવી છે, જેમાં એક જ ગાડીમાં કોરોના દર્દીઓના ૫-૬ મૃતદેહ લાવવામાં આવી રહ્યા છે. આ દ્રશ્ય જોઈને કોરોના દર્દીઓના થતાં મોતનો અંદાજો લગાવી શકો છો. રાજકોટમાં હવે સરકારી ગાડીઓ પણ ખૂટી પડી છે, તેટલા મોત થઈ રહ્યા છે. રાજકોટમાં પણ ખુલ્લો મોતનો ખેલ ચાલી રહ્યો છે. સરકાર દ્વારા જણાવવામાં આવતા મોતના આંકડા ખોટા છે. તેનો જીવતો જાગતો દાખલો સરકારી અને સ્મશાનગૃહના આંકડા દશાવે છે. રાજકોટમાં આવેલા બાપુનગર સ્મશાનગૃહમાં એક જ દિવસમાં ૫૮ લોકોની અંતિમવિધિ થઈ હોવાના સમાચાર મળી રહ્યા છે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે કોરોનામાં રાજકોટની હાલત પણ ગંભીર બનેલી છે. પરંતુ સરકાર સબ સલામતના દાવો કરીને ઢાંકપિછોણો કરી રહી છે. રાજકોટની વરવી વાસ્તવિકતાના દ્રશ્યો સંદેશ ન્યુઝ પર બતાવવામાં આવ્યા હતા. જે જોઈને પહાડ જેવો માણસ પણ તૂટી જાય. અહીં એક ગાડીમાં કોરોના દર્દીઓના ૫-૬ મૃતદેહ લાવવામાં આવે છે. દિવસના પણ હવે ૫-૫ મૃતદેહ લાવવામાં આવી રહ્યા છે. આના પરથી તમે અંદાજ લગાવી શકો છો કે સ્થિતિ કેટલી ગંભીર હશે. બીજી બાજુ રાજકોટ સરકારી આંકડા અને સ્મશાનગૃહના આંકડામાં મોટો તફાવત આવી રહ્યો છે. ખાલી રાજકોટના બાપુનગર સ્મશાનની વાત કરીએ તો અહીં રોજના ૫૮ મૃતદેહોની અંતિમ વિધિ કરવામાં આવી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજકોટમાં વેરી..બેડ..વેરી.. બેડપ કોરોનાએ રાજકોટની શુ દશા કરી છે અત્યાર સુધી ઓકસીજનના બાટલા, રેમડેસીવર ઈન્જેકશનની સંગ્રહખોરી થતી હતી તેમાં નવો ઘટસ્ફોટ થતા ચકચાર મચી જવા પામ્યો છે. માલેતુજારો ખાનગી હોસ્પિટલમાં દોઢ લાખ ભરી બેડની સંગ્રહખોરી કરતા હોવાની ચોકાવનારી વિગત પ્રકાશમાં આવી છે. શહેરની ટોચની ખાનગી હોસ્પિટલમાં ખાટલા વેચવાનું કારસ્તાન બહાર આવ્યું છે કોરોના પોઝીટીવ થતા તવંગરોને હોસ્પિટલમાં જતા બીક લાગે છે પરતું અત્યારે રાજકોટની જે સ્થિતિ છે તેને ધ્યાનમાં રાખીને તવંગરોએ ખાનગી હોસ્પિટલના તબીબો સાથે સાંઠગાંઠ કરી નવો રસ્તો શરૂ કર્યો છે.

શહેરમાં કોરોનાની સારવાર માટે તંત્રએ ૩૬ ખાનગી હોસ્પિટલોને મંજુરી આપી છે પરતું જે રીતના રાજકોટમાં છેલ્લા એક મહિનાથી કોરોનાએ શહેરને બાનમાં લીધુ છે તે પ્રમાણે એક ખાનગી હોસ્પિટલમાં ખાલી બેડ મળતા નથી તેના કારણે ઘણા રહીશોએ દમ પણ તોડી દિધા છે. કલેકટરે બેડ માટે શરૂ કરેલ કન્ટ્રોલ રૂમમાં એક જ બીબાઢાળ જવાબ મળે છે કે ખાનગી હોસ્પિટલમાં બેડ ખાલી જ નથી કદાચ આના કારણે સાચા ખાલી બેડના આંકડા જાહેર કરવામાં આવતા નથી.

તંત્રના બે ચહેરા જોવા મળ્યા છે તેમાં આજે સવારે તંત્રએ ઘરે કોરોનાની સારવાર લેતા દર્દીઓ ઓકસીજનના બાટલાનો સંગ્રહ કરતા હોય બીજા જરૂરીયાતવાળા લોકોને બાટલા મળી રહે તે માટે વધારાના બાટલા જમાં કરવાની અપીલ કરી હતી પરતું માલેતુજારો ખાનગી હોસ્પિટલમાં દોઢ લાખ ભરી બેડની સંગ્રહખોરી કરે છે તે તંત્રને દેખાતું ન હોય ભારે અચરજ ફેલાઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજકોટમાં એક દિવસમાં ૯૪ કેસનો વધારો થયો છે ગઈકાલે ૫૪૬ કેસ સામે આજે ફરી કેસ ૫૦૦ની અંદર પહોચી ૪૫૨ થઈ ગયા હતા આ સાથે શહેરમાં કોરોનાગ્રસ્તોનો આંકડો ૩૧૯૩૪ થઈ ગયો છે. વાસ્તવિકતા એ છે શહેરમાં કોરોનાની લહેર ઓછી નથી થઈ પરતું તંત્રએ ટેસ્ટીગ ઓછા કરી નાંખતા કેસ ઘટયા છે જો કે શહેરમાં કોરોનાથી મોત પણ વધ્યા છે સરકારી અનેખાનગી હોસ્પિટલમાં ૭૬ દર્દીઓના મોત નિપજતા ફફડાટ ફેલાયો છે.રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં ૩૦ કેસના વધારા સાથે ૮૨ નવા કેસ મળતા કુલ કેસ ૯૫૪૫ થઈ ગયા છે જયારે ૬૪૬ કેસ એકટીવ હોવાનું તંત્રવાહકોએ જાહેર કરેલ છે.

પાટણના ડૉ. સેવંતીભાઈ કે. પટેલનું પ્રેરણાત્મક કાર્ય

# ત્રણ દિવસ ઓક્સિજન પર રાખેલા દર્દીને બચાવી ન શકતાં 50000 બિલ માફ કર્યું

## સ્નેહીજનોએ કહ્યું, અન્ય ડૉક્ટરો પણ પ્રેરણા લે તેવું આ કાર્ય

તેજસ રાવળ | પાટણ

કોરોના મહામારીમાં સરકારી હોસ્પિટલોમાં બેડ મળતા નથી અને ખાનગી દવાખાનામાં ડૉક્ટરો દ્વારા દર્દીની સારવાર માટે મસમોટા બિલ બનાવી લૂંટ ચલાવાઈ રહ્યાના કિસ્સાઓ વચ્ચે પાટણ શહેરના એક ડૉક્ટરે 3 દિવસ દર્દીની સારવાર કર્યા બાદ અંતે ગંભીર સ્થિતિમાં તેનું મોત થતાં રૂ.50 હજાર જેટલું બિલ ન લઈ માનવતા બતાવી હતી. ઉલ્લેખનીય છે કે, આ એક એવા તબીબ છે કે જેઓ તેમના ત્યાં સારવાર દરમિયાન કોઈ દર્દીનું અવસાન થાય તો તેમનું સારવારનો ખર્ચ ક્યારેય લેતા નથી.

પાટણ શહેરમાં જૂના બસ સ્ટેશન વિસ્તારમાં આવેલા ડૉ. સેવંતીભાઈ કે. પટેલની હોસ્પિટલમાં કાંકરેજ તાલુકાના જાખેલ ગામના રાવલ ધનજીભાઈ પરમશીભાઈને શંકાસ્પદ કોરોનાની અસર થતાં દાખલ કરાયાં હતાં. ત્યારે સતત 3 દિવસ સુધી તેમને ઓક્સિજન પર રાખવામાં આવ્યા હતા અને જરૂરી તમામ સારવાર ડૉક્ટર દ્વારા આપવા છતાં હાલત ગંભીર હોઈ સારવાર દરમિયાન અવસાન થયું હતું. ત્યારે ડૉક્ટર દ્વારા તેમની 3 દિવસ દરમિયાન કરવામાં આવેલી દવા, રૂમ ભાડું સહિત અન્ય ખર્ચ મળી અંદાજે રૂ.50 હજારથી વધુનું બિલ થયું હોવા છતાં દર્દીને નહીં બચાવી શકતાં કોરોના મહામારીમાં માનવતા દાખવી પરિવારને સાંત્વના આપી બિલ માફ કરી દીધું હતું. આવા કપરા સમયમાં પરિવારને આઘાતમાં આર્થિક રાહત માટે ડૉક્ટરે દર્શાવેલી આ માનવતાને પરિવાર સહિત તેમના સ્નેહીજનોએ બિરદાવ્યું હતું અને અન્ય ડૉક્ટરો પણ પ્રેરણા લે તેવું પરિવારજનોએ જણાવ્યું હતું.

## કપરી પરિસ્થિતિમાં પરિવારને આર્થિક રાહત મળે એ તેને સાચી મદદ માનું છું



કોરોના મહામારીમાં જ નહીં પરંતુ પહેલાંથી હું મારી હોસ્પિટલમાં જે દર્દીનું સારવાર દરમિયાન મૃત્યુ થાય છે તેના પરિવાર પાસેથી બિલના કેટલા પણ રૂપિયા હોય ક્યારેય લેતો નથી. આવી સંકટની ઘડીમાં પણ પરિવારને થોડી આર્થિક રાહત થાય અને સાચા અર્થમાં પરિવારને સાંત્વના મળે તે જ સાચી મદદ માનું છું. » ડૉ. સેવંતીભાઈ પટેલ

# ગરુડેશ્વરના મેઈન બજારમાં કોરોના પોઝિટિવ દર્દીઓ એ દુકાનમાં હાજર રહી દુકાનદારોએ દુકાનો ખોલી કોરોના ફેલાવવાનો ધંધો કરવાનો પાપ કર્યું

રાજપીપળા,તા.૨૮

ગરુડેશ્વર ખાતે આવેલ મેઈન બજાર માં કોરોના પોઝિટિવ દર્દીઓ એ દુકાનમાં હાજર રહી કામ કરતા અને દુકાનદારે આ વાત જાણતો હોવા છતાં દુકાનો ખોલી કોરોના ફેલાવવાનો ધંધો કરવાનો પાપ કર્યું છે પોતાના અંગત સ્વાર્થ ખાતર બીજાના જાણે જોખમમાં મૂકવાનું કૃત્ય કરતાં કોરોના પોઝિટિવ હોવા છતાં આવા સદસ્યને દુકાન રાખી પોતાના સ્ટોર ખુલ્લી રાખી કોરોના ફેલાય તેવું કૃત્ય કરતા ગરૂડેશ્વર પોલીસ મથકમાં બે દુકાનદારો સામે ફરિયાદ નોંધાઈ છે.

જેમાં પહેલી ફરિયાદમાં ફરિયાદી એ.એસ. વસાવાએ આરોપી નીલેશભાઈ રણછોડભાઈ વાળંદ (રહે, ગરુડેશ્વર મેઈન બજાર)સામે ફરિયાદ કરી છે. જેમાં ફરિયાદની વિગત મુજબ સમગ્ર નર્મદા જિલ્લા મેજિસ્ટ્રેટ જાહેરમાં હુકમ થી અમલમાં મુકેલ હોય અને ગાયત્રી કરિયાણા સ્ટોર સરોજબેન ભગવાનભાઈ વાળંદ કોરોના પોઝિટિવ હોવા છતાં આરોપી નીલેશભાઈએ પોતાની ગાયત્રી કરિયાણા સ્ટોર ખુલ્લી રાખી કોરોના સંક્રમણ રોગ ફેલાય તેવું કૃત્ય કરી જાહેરનામાનો ભંગ કરી ગુનો કરતાં તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જયારે બીજી ફરિયાદમાં ફરિયાદી એ.એસ. વસાવાએ આરોપી દિવ્યેશકુમાર દીપકભાઈ શાહ (રહે, ગરુડેશ્વર મેઈન બજાર)સામે ફરિયાદ કરી છે. જેમાં ફરિયાદની વિગત મુજબ સમગ્ર નર્મદા જિલ્લા મેજિસ્ટ્રેટ જાહેરમાં હુકમ થી અમલમાં મુકેલ હોય અને ગણેશ કરિયાણા સ્ટોર માના મહાશય દીપકભાઈ સુમનભાઈ શાહ કોરોના પોઝિટિવ હોવા છતાં આરોપી દિવ્યેશભાઈ દીપકભાઈ શાહે પોતાની ગણેશ કરિયાણા સ્ટોર ખુલ્લી રાખી કોરોના સંક્રમણ રોગ ફેલાય તેવું કૃત્ય કરી જાહેરનામાનો ભંગ કરી ગુનો કરતાં તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

એક તરફ વેપારીઓ કોરોનાના કેસો ઘટાડવા લોકડાઉન કરી રહ્યા છે.બજારો બંધ કર રાખી રહ્યા છે ત્યારે કેટલાક બેદરકાર લોકો કોરોના પોઝિટિવ હોવા છતાં આવા લોકો દુકાનમાં સાથે રાખી દુકાન ચલાવતા વેપારીઓ પોતાની જાણતો જોખમમાં મુકી રહ્યા છે .પણ સાથે-સાથે નિર્દોષ ગ્રાહકોનો પણ જોખમમાં મુકી રહ્યા છે. નર્મદામાં વધતા જતા કેસો માટે આવા બેદરકાર લોકો કોરોના ના કેસો વધી રહ્યા છે. ત્યારે આવા લોકો સામે કડક કાર્યવાહી કરવાની આમ જનતા એ પણ માંગ કરી છે.

રિપોર્ટ :જ્યોતિ જગતાપ,રાજપીપળા

# અમર્યાદ મહત્વકાંક્ષાઓનો અંત

ધીમંત પુરોહિત

માણસને પાવરફુલ થવા આખરે કેટલો પૈસો અને પાવર જોઈએ એ સવાલનો જવાબ મહાભારત કાળથી આજ સુધી મળી નથી શક્યો. ગુજરાતના પૂર્વ આઈએએસ સંજય ગુપ્તા પણ એ સવાલનો જવાબ શોધ્યા વિના જ મરણને શરણ થયા. સંજય ગુપ્તા લાંબા સમય સુધી સો કરોડના મેટ્રો રેલ ભ્રષ્ટ્રાચાર કેસમાં જેલમાં બંધ રહ્યા બાદ થોડા સમય પહેલા જ જામીન પર છુટ્યા હતા. પંદર દિવસ પહેલા કોરોના થતા, લખનૌની એક હોસ્પીટલમાં દાખલ હતા. આખરે કોરોના સામે હારી ગયા.

હર્ષદ મહેતાના 'સ્કેમ' જેવી જ રોમાંચક ઓટીપી સીરીઝ બની શકે એવી સંજય ગુપ્તાની નાટ્યાત્મક ચઢાવ ઉતારવાળી જિંદગીની આમ તો પાંચ સીઝન છે. સંજય ગુપ્તા ગુજરાત કેડરમાં ૧૯૮૫ની બેચના સૌથી બ્રાઈટ, ડાયનેમિક અને રીઝલ્ટ ઓરીએન્ટેડ આઈએએસ ઓફિસર હતા. ચીમનભાઈ પટેલ, કેશુભાઈ પટેલ અને સુરેશ મહેતા એમ ત્રણ ત્રણ સીએમના ગુપ્તા સૌથી નાની ઉંમરના બ્લુ આઈડ બોય હતા. પાછળથી જોકે નરેન્દ્ર મોદીના પણ ખરા અને એ જ કમનસીબે એમની ભયંકર પડતીનું કારણ બન્યું.

સીઝન ૧ : ગુજરાત સરકારમાં : ત્રીસ વર્ષની સાવ નાની ઉંમરે સંજય ગુપ્તા ચીમનભાઈ પટેલની સીએમઓમાં સૌથી પાવરફુલ ઓફિસર હતા. બાદમાં કેશુભાઈ પટેલ અને સુરેશ મહેતા અને ફરી કેશુભાઈ પટેલ સરકારમાં પણ એમનો દબદબો ઉત્તરોત્તર વધતો રહ્યો. ગુજરાત સરકારની પહેલી ઓફીશીયલ વેબસાઈટ એમણે બનાવેલી. એ પણ એ જમાનામાં, જયારે કેશુભાઈના પીએ એમને કહે, કે સાહેબ આપણે વેબસાઈટનું ઉદ્ઘાટન કરવાનું છે, તો કેશુભાઈ પાંચમાં માળની સીએમ ઓફિસમાંથી નીચે ઉતરીને ગાડીમાં બેસી જતા અને પુછતા, કે હાલો કઈ સાઈટ પર જવાનું છે! માનો યા ના માનો, જરાયે અતિશયોક્તિ વગર, આ સાચી બનેલી ઘટના છે, જેના સાક્ષીઓ હજી જીવિત છે. કેટલાયે મુખ્યમંત્રીઓ, મંત્રીઓ અને આઈએએસ અધિકારીઓ માટે પણ કલ્પવૃક્ષ સમાન જી એસ પી સી નાં નવા અવતારની ક્રેડીટ પણ સંજય ગુપ્તાને જાય છે. કેશુભાઈને આમ તો એમના ગોકુલ ગ્રામ માટે યાદ કરાય છે, પણ સાયન્સ સીટી પણ એમના જ સમયમાં સંજય ગુપ્તાએ રેકોર્ડ ૧૮૦ દિવસમાં બનાવ્યું હતું.

૨૦૦૧મા ભૂકંપ બાદ પુનર્વસનમાં ઢીલનાં બહાને કેશુભાઈને હટાવી ગુજરાતના મુખ્યમંત્રી બનેલા નરેન્દ્ર મોદીએ આવતાવેંત કેશુભાઈના પંચરત્ન સમાન અધિકારીઓ પી. કે. લહેરી, સંજય ગુપ્તા વગેરેને પનીશમેન્ટ પોસ્ટીંગમાં દુર દુર ફેંકી દીધા. (બાદમાં જો કે જરૂરિયાત સમજાતા સૌને પાછા પણ લીધા) જો કે સંજય ગુપ્તાએ ધીરજ ખુટી જતા, વી આર એસ લઈને સરકાર છોડી દીધી. ગુપ્તાની પહેલી ભૂલ. એ સમય મોદીના રાજકીય ભવિષ્યના સૂર્યોદયનો હતો. જો ટકી રહ્યા હોત, તો આજે મોદીની પીએમઓમાંથી દેશ ચલાવતા હોત.

સીઝન ૨ : અદાણી : ૨૦૦૨મા સંજય ગુપ્તાએ ગુજરાત સરકાર છોડીને અદાણીની કંપની જોઈન કરી. ત્યારે બધાને નવાઈ લાગી હતી. રીટાયરમેંટ બાદ આઈએએસ કે આઈપીએસ દેશની નંબર વન કોર્પોરેટ કંપની રિલાયન્સ જોઈન કરે. અદાણી તો ૨૦૦૨મા માંડ ૫૦ કરોડના ટ્રેડર હતા. સંજય ગુપ્તાએ એમની મેનેજમેન્ટ સ્કીલ અને દુરંદેશીથી કંપનીની મેડનેસમાં મેથડ ઉમેરી અને અદાણીને ૫૦ કરોડમાંથી ત્રણ જ વર્ષમાં ૩૦૦ કરોડ સુધી પહોચાડી દીધા. અદાણીના રીયલ રાઈઝની શરૂઆત હતી આ. અહી પણ ગુપ્તાની ધીરજ ખૂટી ગઈ. એમણે વિચાર્યું કે, ગુજરાત સરકાર હોય કે અદાણી, આખરે તો બંને નોકરી જ હતી. જો હું મારા દિમાગથી અદાણીને ૫૦ કરોડના ૩૦૦ કરોડ કરાવી આપી શકતો હોઉં, તો એ દિમાગ અદાણી માટે શું કામ વાપરું, મારા પોતાના માટે કેમ નહિ? હું અદાણી કેમ ના બની શકું? ગુપ્તાની બીજી ભૂલ. મોદીની જેમ અહી પણ અદાણીના બિઝનેસના સૂર્યોદયના સમયે એમણે અદાણીનો સાથ છોડી દીધો. દરિયો પી જવાની તાકાત અંબાણી – અદાણી જેવા જુજ લોકોમાં હોય છે. દરેકના નસીબમાં એ નથી હોતું. સમીકરણ ખબર નથી, આપણી પાસે તો દાખલા જ છે.

સીઝન ૩ : નિસા લીઝર : ૨૦૦૫મા સંજય ગુપ્તાએ પોતાની કંપની શરુ કરી. સપનું હતું, હોસ્પિટાલીટી ઈન્ડસ્ત્રીનાં અદાણી અને અંબાણી બનવાનું. કેમ્બે હોટેલના નામે અમદાવાદમાં બે અને ગાંધીનગરમાં એક હોટેલ પણ ખોલી. જાનો દુનિયા નામે એક ન્યુઝ ચેનલ પણ ખોલી. કરોડો રૂપિયામાં એ રમતા હતા. એમના પોતાના રૂપિયા ઉપરાંત બીજા આઈએએસ અધિકારીઓએ પણ ગુપ્તાની હોશિયારી જોઈને કરોડો રૂપિયા ગુપ્તાના બિઝનેસમાં રોક્યા. દેશ અને વિદેશમાં એક્સપાન્શનના મહત્વાકાંક્ષી પ્લાન્સ હતા. બધું બરાબર ચાલતું હતું, ત્યાં ગુપ્તાએ ફરી એકવાર વધુ ગંભીર ભૂલ કરી.

સીઝન ૪ : મેટ્રો રેલ : મોદીની મહત્વાકાંક્ષાઓ અમાપ હતી. ગુજરાતના મુખ્યમંત્રી પછી એમને દેશના વડાપ્રધાન થવું હતું. એ માટે એ ગુજરાતનાં વિકાસ મોડેલનો પોલીટીકલ ઉપયોગ કરતા હતા. એમણે પોતાના નેશનલ લોન્ચિંગ માટે વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટમેન્ટ સમીટનો બેખુબી ઉપયોગ કર્યો હતો. નર્મદા યોજનાનો ઉપયોગ કર્યો હતો. અમદાવાદમાં બીઆરટીએસ અને સાબરમતી રીવર ફ્રન્ટ એના માટે જ હતા. હજી અમદાવાદના વિકાસમાં મેટ્રો ખૂટતી હતી. એના માટે મોદીએ સંજય ગુપ્તા પર પસંદગી ઉતારી. જો કે એમને ગુપ્તા પર સંપૂર્ણ વિશ્વાસ નહોતો, એટલે એમણે ગુપ્તાને મેટ્રો રેલના ચેરમેન તો બનાવ્યા, પણ એમની પર પકડ રાખવા એમનાથી સીનીયર આઈએએસ અધિકારીઓને બોર્ડમાં રાખ્યા. મોદીની આ ગંભીર ભૂલ હતી. જેના કારણે મોદીના મુખ્યમંત્રી કાળ દરમિયાન અમદાવાદમાં મેટ્રો શરુ જ ન શકી. જયારે અમદાવાદથી ઉતરતી કક્ષાના જયપુર અને લખનૌમાં મેટ્રો દોડવા માંડી. આના મૂળમાં ગુજરાત અને મેટ્રો રેલના બોર્ડમાં આઈએએસ અધિકારીઓની યાદવાસ્થળી જવાબદાર હતી. ગુજરાતના કેટલાક આઈએએસ અધિકારીઓને આમ પણ ગુપ્તાનું સરકારમાં પુનરાગમન પસંદ નહોતું, એ લોકો ગુપ્તાના લોહીના તરસ્યા હતા. જેઓ કદી નહોતા ઈચ્છતા કે સંજય ગુપ્તા સફળ થાય. વળી મેટ્રો પ્રોજેક્ટમાં નાણાની વહેચણીમાં પણ આ જ કારણે અધિકારીઓ – અધિકારીઓ અને રાજકારણીઓ વચ્ચે પણ ગંભીર ગુંચવણો ઉભી થઇ. મોદી જેવા મજબુત મુખ્યમંત્રી પણ એને કંટ્રોલ ન કરી શક્યા.

સીઝન ૫ : મેટ્રો રેલ થી જેલ : આખરે, મોદીના ગુજરાત શાસન પર કાળા ધબ્બા જેવો મેટ્રોમાં સો થી વધુ કરોડના ભ્રષ્ટ્રાચારનો કેસ નોધાયો. સ્વાભાવિકપણે જ બલીના બકરા સંજય ગુપ્તા બની ગયા, જે જવાબદાર તો હતા પણ એક માત્ર જવાબદાર નહોતા. એમની દોઢ દાયકાની આઈએએસ અધિકારી તરીકેની ઉજ્જવળ કારકિર્દી અને એક દાયકાની બીઝનેસમેન તરીકેની સફળ કારકિર્દી પર કાળો કુચડો ફરી ગયો, જયારે સો કરોડનાં ભ્રષ્ટ્રાચારનાં આરોપસર એમને જેલમાં જવું પડ્યું. જો કે સંજય ગુપ્તાના મોતથી કરોડોના ભ્રષ્ટ્રાચારનાં આ કેસની ફાઈલ જ બંધ થઇ ગઈ.જેને કારણે ગુજરાતમાં અને દિલ્લીમાં પણ ઘણાને રાહત થઈ હશે.

લીઓ ટોલ્સટોયની એક બહુ પ્રચલિત વાર્તા છે. જેમાં એક માણસ પર ખુશ થઈને રાજા એને જમીન ઈનામમાં આપે છે. જો કે ઈનામની એક શરત છે. જમીન એટલી મળશે, જેટલી એ માણસ સૂર્યોદયથી સુર્યાસ્ત સુધી પોતાના કદામોથી માપી લે. એ માણસ તો સવારથી દોડવાનું શરુ કરી દે છે. કોઈ આરામ વિના, ખાવા પીવામાં પણ સમય બગાડ્યા વિના એ સાંજ સુધી દોડે જ રાખે છે. વિશાળ જમીન એના પગ તળે થી પસાર થઈને એની માલિકીની બની ગઈ છે, પણ આ શું? આટલું બધું દોડતા દોડતા હાંફી થાકીને એ જમીન પર ઢળી પડે છે અને ત્યાં જ મોતને ભેટે છે. એની કબર પણ એ જ જગ્યાએ બનાવાય છે, જયાં એ ઢળી પડ્યો હોય છે. અંતે ટોલ્સટોય વાચકને પ્રશ્ન પૂછે છે. આખરે એક માણસને જમીન જોઈએ કેટલી? એની કબર જેટલી – છ ફૂટ. આપણને હિન્દુઓને તો છ ફૂટ જમીન પણ અંતે ના જોઈએ. આપણા દેહ તો સ્મશાનની ભઠ્ઠીમાં અગ્નિમાં સ્વાહા થઈ જવાના અને પંચ મહાભૂતમાં વિલીન થઈ જવાના. આજે કોરોના કાળમાં ચોવીસ કલાક ચાલતી સ્મશાનની ભઠ્ઠીઓ અને નિરંતર ચીમનીઓમાંથી નીકળીને આકાશમાં અદ્રશ્ય થઇ જતા ધુમાડાને જોતા આ વાત વધુ ને વધુ યાદ આવે છે.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની ૫ પદ્ય રચના રજૂ કરવામાં આવે છે.
વિષય : રામાયણ ના પાત્રો વિષયક રચનાઓ - .દિવસ - ૩

www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
નિર્ણાયક મંડળ :જયશ્રીબેન પટેલ, માયાબેન દેસાઈ
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews

---

**NOG SS NO : 0015**
વિષયઃ રામાયણનું પાત્ર
શીર્ષકઃ- ક્યારે પધારશો રામ?

હૈયું હારી ચૂક્યું છે હવે હામ,
તમે ક્યારે પધારશો મારાં રામ?
જીવન હારી ચૂક્યું છે હવે દામ,
તમે ક્યારે પધારશો મારાં રામ?
જગત-અહલ્યામાં કેવું સરખાપણું!
શીલ ને શીલામાં કેવું ખાલીપણું!
પથ્થરતા પામ્યું છે દયા કેરું નામ,
તમે ક્યારે પધારશો મારાં રામ?
ચીંથરા ઊડે છે આજે લાજના,
રગેરગમાં વ્યાપી છે બસ વાસના,
રૂપ નારીત્વ બન્યું છે કેવળ કામ,
તમે ક્યારે પધારશો મારાં રામ?
વાટલડી જોઈને થાકી છે આંખડી,
સંસાર વનમાં બનાવી છે હાટડી,
બોરથી ભર્યાં છે શબરીએ ઠામ,
તમે ક્યારે પધારશો મારાં રામ?

મેહુલ ત્રિવેદી (ઘાયલ મેઘ),ખેરાળી

**NOG :SS No : 0089**
પ્રકારઃ પદ્ય
વિષયઃ રામાયણ
શીર્ષકઃ અમર શિશુ રામ
રેખા શુકલ- અમેરિકા

"અમર શિશુ રામ "

અજર અમર પદ દાતા રામ....મારા રોમ રોમમાં રામ કે જે ઘટ ઘટનાં છે. નાથ કહાની બોલી રેત સે તન મનમાં વસે જે ઢોલ ધબૂક્યા અવધપુરીએ , પધાર્યાં રઘુકુળે ચારો ચંદ રાય દશરથ હરખ વધાવે, પ્રગટ ભયો કૌશલ્યા નંદ કહેવાયાં રઘુનંદન આપણી અંતર ચેતના કરે આરતી, મંગલ સુમંગલ દીસે ચોદિશ, ધન્ય ધરાતલ પુણ્ય ભૂમિ તું, રામ થઈને આવ્યા ઈશ પાપનો નાશ કરવા અવતર્યાં પ્રભુ

ગગન ગોખે ઘૂમતાં ગરુડે, રમતાં સદા તમે આંતરિયાળ ,ચૈત્ર સુદ નવમીએ થયા રામજી, તો જાણ્યા કે કેવા હોય છે ભગવાન

... ચૌદ લોકના નાથ વિધાતા, બોલાવ્યાં ભક્તે છે ઘૂમાવો વિશ્વ અવિરત દિનરાત થયાં શીશુ રામ,પણ ન ભૂલ્યાં માગ્યો રમવા બ્રહ્માંડનો ચાંદ પાણીમાં દેખાડ્યો ચાંદ

ગુરુ વિશ્વામિત્ર સંગ વને ચાલ્યાં, હણ્યાં આતતાયી એકલ હાથ પણ રઘુકુળ રીતિ સદા પ્રમાણી, અજર અમર પદ દાતા રામ, સીતા સ્વયંવરે કીધું શિવ ધનુષ્ય ભંગ, જેથી રામ બન્યાં માત જાનકીનાં થયાં ભરથાર,ત્યજ્યું રાજસુખ જગત કાજે,

અર્પ્યું સુખ રામ રાજ્યનું સંસાર, રાજધર્મ રઘુકુળ વચન દીધું વ્યવહારે, નગર ત્યજી ચાલ્યા વનવાસ !!

કેવટ અહલ્યા ને માત શબરીનાં, ભાવે ભીંજાયા લક્ષ્મણ ભ્રાત ધનુર્ધારી રઘુવીર ધર્મ ધુરંધર, હણ્યો દશાનન લંકા ધામ

મંગલ પર્વ દીપાવલિ હરખે, જનજન સ્મરે જય સીતા રામ, રામનામમાં સઘળાં તીરથ,

ગાયે વાલ્મિકી રામનાં ગાન ..રામ લખન જાનકીના નાથ, પાજો સદા પ્રેરક અમૃત પાન

પહેલે નાશ મનુષ્ય કા આતા હૈ વિવેક ચલા જાતા હૈ તે રાવણ.મર્યાદા પુરુષોત્તમ માટે

કવિ કહે છે રામ તમે સીતાજી ની તોલે ન આવો ... !! સત્ય વચન પ્રતિક પ્રાણ જાય પણ વચન ન તૂટે તે હતાં રામ. કરુણા ને સહનશીલ પતિવ્રતાનુ ઉદાહરણ રહ્યાં સીતાજી. આધુનિક જમાનામાં રામ બનાતું નથી. રાવણ ઘેર ઘેર પેદા થઈ ગયાં.

પવિત્રતા ને પતિવ્રતા નામનિશાન ન રહ્યું... હાથીનાં દાંત ખાવાનાં ને બતાવવાના જુદાં તેમ માણસો જીવે ત્યારે સીતા સહેવાતી નથી... દ્રૌપદી જીરવાતી નથી. સૌ મિત્રોને રામનવમી ની શુભેચ્છા.

રેખા શુકલ.અમેરિકા

---

**NOG સાહિત્ય સરિતા**
**NOG SS NO :- 0090**
પ્રકારઃ પદ્ય
વિષયઃ રામ
શીર્ષકઃકવિતા :
રામનો સંદેશ /
દીપક જગતાપ

રામનો સંદેશ
દીપક જગતાપ

રામનવમીએ
ભગવાન રામની પાલખી યાત્રા મારા ઘર આગળથી પસાર થઈ. ત્યારે ભગવાન રામે મારી તરફ જોયુ.
મને કોરોનાની ભીડથી દૂર રહેવા કહ્યું.
હું દૂર જતો રહ્યો.
પછી ભીડમા
ભગવાનની ના છતાં પાલખી યાત્રામાં અનેક ભકતો જોડાયાં.
એમાં એક ભક્ત કોરોના સંક્રમિત થયો. ને પછી એનું રામ નામ સત્ય થઈ ગયું...
રામનો સંદેશ એ જ હતો કે
મને અયોધ્યામા કે મંદિરોમાં શોધશો નહીં. મારી યાત્રામા પણ મને શોધશો નહીં
મને પણ બીક લાગે છે કોરોનાની...
હું અત્ર તત્ર સર્વત્ર છું.
હું તમારા હૃદયમાં જ છું.
અને મારા મુખમાંથી શબ્દો સરી પડ્યાં

"જય શ્રી રામ "....

---

**: NOG SS No/0044**
વિષયઃ- રામાયણનું પાત્ર
પ્રકારઃ- ગદ્ય
શીર્ષકઃ- કૈકેયી

રામાયણનું સૌથી વધુ તિરસ્કૃત પાત્ર એટલે કૈકેયી.રાજા દશરથની ત્રણ પત્નીમાંના એક, કૈકેયીએ રામને ચૌદ વર્ષનો વનવાસ અને પોતાનાં પુત્ર ભરતને રાજગાદી આપવાનું વચન માંગતાં જ તિરસ્કારને પાત્ર બન્યાં.

આજ સુધી કોઈએ વિચાર્યું કે,રામ તો કૈકેયીને સૌથી વહાલાં પુત્ર ,પોતાનાં પુત્ર ભરત કરતાં પણ, રામ માટે અપાર સ્નેહ.એ જ પુત્રને રાજસિંહાસને બેસવાની ઘડીએ જ ચૌદ વર્ષનો વનવાસ આપે!

કૈકેયીએ દિલ પર પથ્થર મૂકીને રામને આપેલું વચન પાલન કરવા માટે દશરથ રાજા પાસે આવું વચન માંગવું પડ્યું.આવું વચન માંગતી વખતે કૈકેયીને થયેલાં વલોપાતનો તો કોઈ જગ્યાએ ઉલ્લેખ જ નથી.

કથાકારો, ધર્મગુરુઓ, વિવેચકોએ કૈકેયીને ખરાબ ચીતરવામાં કંઈ જ બાકી નથી રાખ્યું.એટલે જ સૌ એને તિરસ્કારે.

તો,ચાલો, આજે આપણે કૈકયીનાં બીજાં પાસાને જોઈએ.
રાજા દશરથે રામનો રાજ્યાભિષેક કરવાનું જાહેર કર્યું ત્યારે કૈકેયીનો ઉમંગ સમાતો નહોતો.એક જ રટણ," મારાં રામ ગાદીએ બેસવાનાં." આ હર્ષોલ્લાસ રાતોરાત કેમ ફેરવાઈ ગયો?

રામે અવતાર જ રાક્ષસસોનો નાશ કરવા લીધેલો. રાજા તરીકે સિંહાસન પર બેસે તો ઋષિ મુનિઓને કનડતાં દાનવોનો અને રાવણનો નાશ કેવી રીતે કરે!

કૈકેયી બુધ્ધિશાળી અને પરાક્રમી હતાં.રાજા દશરથ સાથે યુધ્ધમાં કાયમ સાથે રહેતાં.એક સમયે રથની ધરી નીકળી જતાં રાજાને ખલેલ ન પડે માટે ધરીની જગ્યાએ પોતાની આંગળી મૂકેલી, દર્દથી પીડાતાં રહ્યાં ચૂપચાપ, યુધ્ધ પુરું થયું ત્યાં સુધી.રાજાનો વિજય થયો અને જ્યારે આ વાત જાણી ત્યારે રાણીની સમયસૂચકતા અને બુદ્ધિમત્તા પર પ્રસન્ન થઈ વરદાન માંગવા કહ્યું, ત્યારે રાણીએ બે વચન માંગેલાં.ઈચ્છા થશે ત્યારે પૂર્ણ કરાવવાની શરતે.

રામ, માતા કૈકેયીને રાજ્યાભિષેકને આગલે દિવસે મળવા ગયાં અને માતા પાસે વચન લીધું કે રાજા દશરથ પાસે પેલાં બે વચનની પૂર્તિ કરાવી રામને માટે વનવાસ માંગે અને ભરત માટે ગાદી.તો જ અસુરોનો નાશ કરી શકાશે અને ભરતની કાબેલિયતથી રાજ્ય પણ સચવાશે.આ કાર્ય પૂર્ણ કરવા જ માનવ તરીકે લીધેલો અવતાર સાર્થક થશે.

મિત્રો,ન છૂટકે દિલ પર પથ્થર રાખી કૈકેયીએ રામને વચન આપ્યું," તારી ઈચ્છા મુજબ હું રાજાજી પાસે વચન માંગીશ." અને રામને આપેલું વચન પૂર્ણ કરવા રાજા દશરથ પાસે," રામને ચૌદ વર્ષ વનવાસ અને ભરતને ગાદી."એવાં બે વચન માંગી લીધાં.

આમ કરવાથી આઘાતથી રાજા દશરથનું મૃત્યુ થયું.ઠેરઠેરથી ધિક્કાર વરસ્યો.ખુદનાં પુત્ર ભરતે પણ તિરસ્કાર કરી માતાને દોષિત ઠરાવી.

વિચારો! આ વખતે કૈકેયીની હાલત!

રામ અને કૈકેયી બે ને જ આ? માટેનું કારણ ખબર હતી.બંન્નેએ મૌન સેવ્યું.મનોમન રામે કૈકેયીનો આભાર માન્યો.

વનવાસ પૂરો કરી,અસુરોનો નાશ કરી રાવણ પર વિજય મેળવી રામ અયોધ્યા પધાર્યાં ત્યારે સૌપ્રથમ માતા કૈકેયીને મળવા ગયાં.

પગે લાગી માનાં આશીર્વાદ લઈ, કહ્યું," મા, આ તમારું ઋણ એવું છે કે કોઈ કાળે ન ચૂકવાય."

આ છે કૈકેયીનું ઊજળું પાસું.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા
બિલીમોરા.

# કર્મ એ જ ધર્મ, આપણો ધર્મ છે જીવો અને જીવવા દો : રમેશભાઈ ઠક્કર




ગાય વિશ્વની માતા છે તે મુજબ ભગવાન શ્રી કૃષ્ણએ પણ ૧૧ વર્ષ અને પર દિવસ ખુલ્લા પગે તેની સેવા કરી છે. ગાયનું બીજુ નામ છે ગૌ, ગંગા અને ગાયત્રી એટલે ગાય, ધરતી અને ગંગા એટલે પાણી આપણા સમાજમાં ગાયો મંદિરોમાં હવેલીમાં, રાજમહેલમાં, સુખી–સંપન્ન પરીવારોના ઘરે, ખેડૂત અને પશુપાલકના ઘરે માતા તરીકે બીરાજતી હતી ત્યારે બધા જ લોકો માનસિક, માતા તરીકે બીરાજતી હતી ત્યારે બધા જ લોકો માનસિક, શારીરિક, ધાર્મિક અને ધનની રૂપે અને આરોગ્યની રીતે ખૂબજ સુખી હતા અને જયાં સુધી ગાયો અને પશુ–પક્ષીઓનું ધ્યાન રાખતા હતા ત્યાં સુધી બીમારી ન હતી (દવાખાના કે હોસ્પીટલો ) આટલા પ્રમાણમાં ન હતા, વૃધ્ધાશ્રમ ન હતા. માનવ માનવ માટે અને પશુ–પક્ષીઓ માટે પ્રેમ, લાગણી, દયા, કરૂણા જેવો પ્રેમ ભાવ હતો અદેખાઈ ન હતી આટલા વિકાર ન હતા અને વિશ્વાસ દ્વારા એકબીજાને મદદરૂપ થતાં રાજા રજવાંડા વખતે ઘેર ઘેર અને ગલીએ ગલીએ ગાયો હતી તેના ઉપરાંત હજારો એકર ગૌચર, પાંજરાપોળ, ગૌશાળાઓને દાનમાં મળતી હતી જે થકી ગાયો જ નહી દરેક પશુ–પક્ષીઓ તેના આશરે જીવન જીવતા અને પર્યાવરણ ખૂબ મોટો લાભ મળતો આપણે રાજકોટની જ વાત કરીએ તો ચાર–પાંચ વર્ષ પહેલા ૫૦ હજારથી વધુ ગાયો હતી જે પૈકી ૩૦ હજાર ગાયો ફકત ૩ લીટર ગણીએ તો ૯૦ હજાર લીટર દૂધ આપતી હતી જે થકી ૪ થી ૫ લાખ લોકોને શુધ્ધ દૂધ મળતું હતું ગોબર અને ગોમૂત્રથી ધરતીમા અમૃત સમુ પાણી ૩૫ થી ૪૦ ફૂટે ડંકીમાં હતું અને ગોબર દ્વારા આપણા ઘણા બધા લોકો ચૂલો સળગાવતા હતા જેમા ઓકિસજન પેદા થતો હતો અને ગૌમૂત્ર પાણી દ્વારા લોકોન આરોગ્ય આપતુ હતું આ જે લોકો ગૌમૂત્ર માટે ઠેર ઠેર ભટકે છે અને તેમાં લોકોને વિશ્વાસ પણ વધ્યો છે અને આરોગ્ય પણ મળ્યુ છે સાથે સાથે આ ૫૦ હજાર ગાયો લીલો સુકો ૫ લાખ કિલો એંઠવાળ અને કચરો ખાતી અને સમાજને સ્વચ્છ રાખતી હતી જેના માટે આજે ૧૦૦ થી વધુ ગાડીઓ આ કચરો ઉપાડવા માટે શહેરમાં ફરે છે ડીઝલનો ધુમાડો કરે છે આપણા ટેકસના પૈસા વપરાય છે અને તેમ છતાં આ કચરાનો વ્યવહારીક નિકાલ થતો નથી તેના હિસાબે ગાડીમાં પણ ઓકિસજન બળે છે અને કચરામાંથી ખરાબ ગેસ ઉત્પન્ન થાય છે જે આપણને પશુ–પક્ષીઓને અને પર્યાવરણને નુકશાન કરતા છે. ગાડીઓ માટે આપણે રોડ–રસ્તા પાક કરવા પડયા, ફળીયા પાકા કરી નાંખ્યા જેના હિસાબે જમીનમાં ઉતરતુ પાણી બંધ થઈ ગયું છે આપણી ગલી–શેરી કે મહોલ્લામાં ગાયો નડતી હતી આજે વાહનોની કતાર થઈ ગઈ છે તો શું આપણે કુદરતની વિરૂધ્ધ જઈને આપણીને આપણી આપણા પરીવારની અને સમાજની તબીયત સુધરવાને બદલે બગાડવા જઈ રહયાં છીએ કુદરતે આપણા માટે પશુ–પંખીઓનું જતન કરવાનું અને તેને ખોરાક–પાણી આપવાનું આયોજન આપેલ છે તેનાથી વિરૂધ્ધ જઈ આપણે જ પર્યાવરણ બગાડી રહયાં છીએ હજજારો જીવોના જીવ અકાળે આપણી ભુલની હિસાબે ગયા છે તેનો હિસાબ આજે પ્રભુ કે પ્રકૃતિ લઈ રહી છે હજી મિત્રો જાગી જાવ ગાયોનું જતન કરો, પશુ–પક્ષીઓનું જતન કરો, દરેક પશુ–પક્ષીઓ આપણા માટે કિંમતી છે અને એટલા માટેજ આપણા દરેક ધર્મમાં દરેક ભગવાનોએ એક–એક પશુ–પક્ષીને પોતાનું વાહન બનાવ્યું છે અને તે દ્વારા આપણને સારો સંદેશ આપ્યો છે તેણે અનુસરીએ. ફકત સ્માર્ટ સીટી એટલે પશુ–પક્ષી મુકત શહેર ન ગણતા આપણા વડીલોના જીવનનો બોધ લઈને દરેક પશુ–પક્ષીને જીવવા દઈએ અને ''પેઈન વેવ'' થી અબોલ જીવોના નિશાસા ન લઈએ અને આપણા પરીવારને સુખી રાખીએ. આપણા પાડેલા કૂતરા અને બીલાડી, પોપટ કે અન્ય પશુ–પક્ષીઓને પાડવાનો આપણે ત્યાં રીવાજ પણ હતો અને તેનો ફાયદો પણ હતો. હજી મોડુ નથી થયું શહેરમાં તો કદાચ ગાય ન રાખી શકીએ પરંતુ ખેડૂત મિત્રો અને પશુપાલકો ગાય સાચવે અને ખેડૂતો ઓર્ગેનીક ખેતી તરફ વળે તો મે જે પીકચર જોયું છે તે ઓર્ગેનીક ખેતી કરતા ખેડૂતોના ખેતરમાં મધમાખી, પતંગીયા, અળસીયા તથા નાના જીવો જે ખેતીને મદદરૂપ થાય છે અને તે ખેતી ઓર્ગેનીક છે તેવી સાબીતી આપે છે. તો તે તરફ વળવા માટે ખેડૂત મિત્રોને સમજાવીએ અને ઓર્ગેનીક ખેતપેદાશ ખરીદવાનો આગ્રહ રાખીએ. આપણે બધાને ખબર છે કે યુરીયા અને પેસ્ટીસાઈડ દવાઓથી પાક, પર્યાવરણ, જમીન, પાણી અને પશુ–પક્ષીઓને મોટું નુકશાન થયુ છે. તેનાથી બચવા માટે પશુ–પક્ષીઓની સેવા કરવી એજ આપણો એકમાત્ર પર્યાય છે.

શ્રીજી ગૌશાળા દ્વારા ૧૪ ફેબ્રુઆરીએ 'વેલેન્ટાઈન ડે' દિવસે કાઉ હગ ડે ઉજવ્યો જેના અનુસંધાને તે દિવસે ગૌશાળામાં ૨૫૦૦ થી વધુ લોકોએ મુલાકાત લઈ ગાયને હગ કરવા માટે આવ્યા હતા અને લોકોને ખબર છે કે ગાયને હગ કરવાથી મને ફાયદો થશે તો આપણે ઘરે ઘરે અથવા આપણી નજીકમાં ગાય વસાવીને રોજ દર્શન કેમ ન કરીએ.

વંદે ગૌ માતરમ
–રમેશભાઈ ઠક્કર

## સાહિત્યકાર અને કવિ જગદીપભાઇ ઉપાધ્યાયનું અવસાન



વાંકાનેરઃ સાહિત્યકાર અને કવિ જગદીપભાઈ ઉપાધ્યાયનું અવસાન થતા ગુજરાતના સાહિત્ય અને કવિતા ક્ષેત્રે મોટી ખોટ પડી છે.

અમેરલી જિલ્લાના કાંકચ ખાતે સાહિત્યકાર જગદીપભાઈનો ૨૪/૭/૧૯૫૯ના રોજ જન્મ થયેલ. એમ.કોમ., બી.એડ, ડબ્બલ ગ્રેજયુટ થઈ ૧૪ વર્ષ પંચમહાલ જિલ્લાના વાઘજીપુરાના શહેર સ્કુલમાં શિક્ષણ તરીકે ત્યારબાદ સાવરકુંડલાની બનજારા હાઈસ્કુલમાં પ્રિન્સીપાલ તરીકે અને પછી વાંકાનેરની અમરસિંહ હાઈસ્કુલના પ્રિન્સીપાલ તરીકે ઘણા વર્ષો સુધી નોકરી કરી આ હાઈસ્કુલનું શિક્ષણ સ્તર ઉચ્ચુ લાવેલ અને નિવૃતિ બાદ વાંકાનેરના ગઢીયાડુંગર પાસે વૃંદાવન પાર્કમાં 'હરિગીત' મકાનમાં રહેતાને ઉતમોતમ કવિતા સાહિત્યનું સર્જન કરેલ તેમણે શબ્દધનુ(કાવ્યસંગ્રહ) પ્રણયાખ્યાન (કાવ્ય સંગ્રહ) ઝાકળના ઝુમખા (કાવ્ય સંગ્રહ) ફુલોના ભાર (સ્મૃતિ કથા) થોડા દિવસમાં પબ્લિસ થવાનો હતો. ત્યાં ઓચિંતુ કુદરતનું તેડુ આવી ગયું. તેઓની અભિયાન સપ્તાહિકમાં કશ્મશ નવલકથા ચાલુ હતી. ગુજરાત ટુડેમાં નિયમિત કોલમીસ્ટ હતા. જગદીપભાઈ ઉપાધ્યાયના આકાશવાણી, ટી.વી.માં ઘણીવાર પ્રોગ્રામો પ્રસારીત થતા અમરેલીથી પ્રગટ થતું 'છાલક'માં દર વર્ષથી સંપાદક તરીકે સેવા આપી તેઓના પિતા સાહિત્યકાર ગણપતદાદાના સુપુત્ર હતા.

જગદીપ ઉપાધ્યાયના પત્ની નીતાબેન ઉપાધ્યાય વાંકાનેરના રાતીદેવળી ખાતે શિક્ષિકા તરીકે નોકરી કરે છે. અને તેમની દિકરી ડોકટર ધરા ઉપાધ્યાય ડેન્ટીસ્ટ છે. તેમનો પરિવાર સાહિત્યીક રીતે જોડાયેલ છે. તા.૨૫-/૪/૨૦૨૧ ના તેમનું ઓચિંતુ અવસાન થતા ગુજરાતના સાહિત્ય, કવિતા ક્ષેત્રે મોટી ખોટ પડી છે.(૬.૭)

## રાજપીપલામા કોરોના સંક્રમિત થયેલા કુલ ૧૨૫ જેટલા પરિવારને સવાર અને સાંજનું વિના મુલ્યે ભોજન પૂરું પાડતા બર્કે ફાઉન્ડેશન પરિવાર

રાજપીપલા, તા.૨૮

નર્મદામા કોરોના કેસો સતત વધી રહ્યા છે.૧૦૦થી વધુ ના મોત પણ થયા છે. ત્યારે લોકોમા ચિંતાનો વિષય બન્યો છે ત્યારે ખાસ કરીને કેટલાક એવા પરિવારો છે. જેમાં આખો પરિવાર કોરોનાગ્રસ્ત બન્યો છે. આવા પરિવારોમા મોટાં ભાગના હોમ કોરન્ટાઈન થયા છે.ત્યારે તેમનામાટે બે ટાઈમ જમવાનું બનાવવાનું મુશ્કેલ થઈ પડ્યું છે.કોરોના સંક્ર્મણના ડર ને કારણે પાડોશીઓ કે સગા સંબન્ધિઓ પણ ભોજન કે ટિફિન પહોંચાડી શકતા નથી.

આવા કપરા સમયે રાજપીપલાની સેવાભાવી સંસ્થા બર્ક ફાઉન્ડેશનનો સેવાભાવી પરિવાર મદદે આવ્યો છે.છેલ્લા બે ત્રણ મહિનાથી ૪૯પરિવારજનોને પુરી પાડતી સેવાનો આંકડો હવે ૧૨૫ઉપર પહોંચી ગયોછે

રાજપીપલામા કોરોના સંક્રમિત થયેલા કુલ ૧૨૫જેટલા પુરા પરિવારને સવાર અને સાંજનું વિનામુલ્યે જમવાનું બર્કે ફાઉન્ડેશન દ્વારા આપવામાં આવે છે. રોજ કોવીડના પરિવારના રોજ ફોન આવે છે.અમારે ત્યાં પણ જમવાનું આપો.અમે તે જ મિનિટે તેમને પૂછીએ છીએ કે તમારું એડ્રેસ આપો. અમેં જમવાનુંઘરે આવીનેઆપી જઈશું. દરરોજ તાજું અને પૌષ્ટિક ગરમ બનાવેલા દાળ, ભાત, શાક, રોટલી કચુંબર, સાથેનો પૌષ્ટિક આહાર આપીએ છીએ. તેઓની જલ્દીથી રિકવરી આવી જાય એ માટે રોજ સવાર સાંજનો મેનુ અલગ અલગ હોય છે.તાજુ ગરમાગરમ જમવાનું પહોંચાડવામાં આવે છે.અને સાથે કોઈને બીજી ફળ,બિસ્કીટ, દૂધ,દવા વગેરેની જરૂર હોય તો અમેતે પણ તાત્કાલિક પહોચતું કરીએ છીએ. અમારો ફોન ચોવીસ કલાક ચાલુ હોય છે.



સાંભળીને નવાઈ લાગશે કે બર્ક પરિવારના જ્યોર્જ બર્કે જણાવ્યું હતું કે બપોરે અને સાંજે ૧૨૫ પરિવારના જમ્યા પછી જ અમે જઈએ છીએ.એમની જમ્યા પછી જમવાનો આનંદ કંઈક વિશેષ હોય છે.

અમારું માનવું છે આ સમય છે લોકોની મદદ કરવાનો. કોરોના કપરા કાળમાં કોઈ એક બીજાનું મોઢું પણ જોતા નથી. એવા સંજોગો મા એમને અમારી ભોજન સેવા પુરી પાડ્યાનો વિશેષ આનંદ છે. કોરોના દર્દીઓની સેવા કરવાનો આના કરતા ઉત્તમ સમય મને બીજો કોઈ નથી લાગતો.કપરા સમયમાં મદદરૂપ કેવી રીતે થવું એ આ બર્ક પરિવાર પાસેથી શીખવા જેવું છે. અન્ય લોકો અને સંસ્થાઓ માટે બર્ક પરિવારની સેવા કોરોના અને જરૂરિયાતમંદો માટે પ્રેરણારૂપ જરૂર બન્યા છે.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપલા

### કોરોનાથી પણ દર્દીને વધુ ત્રાસ આપતા નિયમો અને મિસ મેનેજમેન્ટ

## અમદાવાદનું આધારકાર્ડ હોય તો જ દર્દીને મ્યુનિ. હોસ્પિટલમાં દાખલ કરાય છે

અમદાવાદ, રવિવાર

અમદાવાદમાં કોરોનાની થપાટથી જેટલાં મૃત્યુ થાય છે, તેનાથી વધુ મૃત્યુ દર્દીને દાખલ કરવા માટેના જડ નિયમો અને મીસમેનેજમેન્ટના કારણે થાય છે. મ્યનિ.ની હોસ્પિટલો અને ખાનગી હોસ્પિટલોના મ્યુનિ.ના ક્વોટાના બેડમાં એ દર્દીને જ પ્રવેશ મળે છે, જેમની પાસે અમદાવાદના આધારકાર્ડ હોય. કોઈ દર્દી પાસે આધારકાર્ડ ના હોય અને પ્રોપર્ટી ટેક્સનું બિલ હોય તો તે માન્ય ગણવામાં આવતું નથી.

### પ્રોપર્ટી ટેક્સનું બિલ હોય તો તે ના ચાલે : ચૂંટણીમાં મતદાન વખતે બીજા પુરાવા માન્ય પણ હોસ્પિટલમાં બેડ મેળવવા માટે નહીં !



**વાહ ભાજપ સરકાર...**
નીતિન પટેલ કડી ગાવ ના છે, એમનો આધાર કાર્ડ, મત આપવા નું સ્થળ કડી માં છે, તો અમદાવાદ ની U.N.મેહતા હોસ્પિટલમાં એડમિટ કઈ રીતે થાય.. સરકાર ના કાયદા ફક્ત ગરીબ જનતા માટે છે.. ?

## રાજ્યના અનેક વિસ્તારોમાં હજુ ચાર દિવસ વરસાદ પડે એવી શક્યતાઃ હવામાન વિભાગ

અમદાવાદ,તા.૨૮

અમદાવાદ સહિત રાજ્યભરમાં તાપમાનનો પારો ઉંચકાયો છે. રાજ્યના મોટાભાગના શહેરોમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર કરી ગયો છે. મંગળવારે અમદાવાદ સહિત રાજયના કુલ આઠ શહેરોમાં તાપમાન ૪૨ ડિગ્રી પહોંચી જતાં હવામાન વિભાગ દ્વારા યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. સતત બીજા દિવસે પણ અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૨.૯ ડિગ્રી નોંધાયું છે. તે ઉપરાંત હવામાન વિભાગે આગામી પાંચ દિવસ સુધી રાજ્યમાં થન્ડર સ્ટ્રોમની આગાહી કરી છે. અમદાવાદમાં આજે સાંજે કમોસમી વરસાદ થવાની પણ શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે. વીજળીના ચમકારા અને ૪૦ કિ.મીની ઝડપે પવન ફુંકાશે.

રાજ્યમાં સૌથી ઉંચુ તાપમાન ઉત્તર ગુજરાતના ડિસામાં ૪૩.૧ ડિગ્રી નોંધાતા ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલી વિગતો પ્રમાણે મંગળવારે અમદાવાદ, ડિસા, ગાંધીનગર,વડોદરા, રાજકોટ, સુરેન્દ્રનગર અને ભુજમાં મહત્તમ તાપમાનનો પારો ૪૧ ડિગ્રીને પાર કરી ગયો છે. બીજી તરફ ભાવનગર અને ઓખામાં તાપમાન સાવ ગગડી ગયું હતું. અચાનક જ તાપમાનનો પારો ૨૭ ડિગ્રીની નીચે પહોંચી ગયો હતો. રાજયમાં ગરમી તેમજ વરસાદને લઈને હવામાન વિભાગે આગાહી કરતાં જણાવ્યું હતું કે આગામી બે દિવસમાં સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત તેમજ અમદાવાદ સહિતનાં કેટલાંક શહેરોમાં ગરમીનું પ્રમાણ ૩થી ૪ ડીગ્રી સુધી વધી શકે છે, એટલે કે તાપમાન ૪૧ ડીગ્રીથી વધી ૪૩થી ૪૪ ડીગ્રી સુધી પહોંચી શકે છે. બીજી તરફ રાજકોટ, સુરેન્દ્રનગર, મોરબી, જૂનાગઢ, અમરેલી, વલસાડ સહિતના મોટા ભાગના વિસ્તારોમાં ભારે પવન સાથે હળવાથી સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે.

અમદાવાદ શહેરમાં મંગળવારે રાતના ૯ વાગ્યે અચાનક જ ભારે પવન ફૂંકાવાનો શરૂ થયો હતો, જેને પગલે છાપરાં ઊડીને રસ્તા પર પડ્યાં હતાં. ભારે ધૂળની ડમરીઓ ઊડી હતી. પવન ફૂંકાવાને કારણે લોકોમાં ભય ફેલાયો હતો. જોકે નાઈટ કર્ફ્યૂ અમલમાં હોવાથી મોટા ભાગનાં શહેરીજનો ઘરમાં જ હતાં, પરંતુ ઘરની બારીઓ-બારણાંઓ જોરથી અથડાવા લાગ્યાં હતાં તેમજ ઘરોમાં ધૂળ ઊડીને આવી ગઈ હતી તેમજ કેટલાક વિસ્તારોમાં વીજળી ગૂલ થઈ હતી. વરસાદી માહોલ થઈ ગયો હતો. લગભગ ૩૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો.

# નર્મદા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં કોવિડ-૧૯ ની ડોર-ટુ-ડોર સર્વેલન્સની કામગીરી માટે ૭૦૦ જેટલી ટીમો કાર્યરત કરાઇ

## નર્મદા જિલ્લામાં કોવિડ-૧૯ ના કેસોનું વહેલામાં વહેલી તકે નિદાનઅને સારવાર થાય તે માટે વહિવટીતંત્ર તરફથી થઇ રહેલી સઘન કામગીરી



રાજપીપલાતાર૮

વૈશ્વિક કોરોના મહામારીની પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને જિલ્લા કલેકટર ડી.એ.શાહના માર્ગદર્શન અને ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી એલ.એમ. ડિંડોરની રાહબરી હેઠળ નર્મદા જિલ્લામાં કોવિડ-૧૯ ના કેસોનું વહેલામાં વહેલી તકે નિદાન થાય તથા ઘર આંગણે જ સામાન્ય લક્ષણો ધરાવતા દરદીઓને સમયસર સારવાર મળી રહે તે હેતુસર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં આશા બહેનો, આંગણવાડી કાર્યકર બહેનો, શિક્ષકગણ તથા સખી મંડળના બહેનો દ્વારા ૭૦૦ જેટલી ટીમો થકી કોવિડ-૧૯ ની ડોર ટુ ડોર સર્વેલન્સની કામગીરી હાથ ધરાઈ છે. તેની સાથોસાથ નોવેલ કોરોના સામે રક્ષણ મેળવવાં કોરોના વેક્સીન અવશ્ય મૂકાવવાં ઉપરાંત અવશ્ય માસ્ક પહેરવાં, વારંવાર સેનીટાઇઝેશન કરવાં અને સોશિયલ ડિસ્ટન્સ જાળવવાં તેમજ સરકારશ્રીની માર્ગદર્શિકાનું અવશ્ય પાલન કરવા પણ લોકોને સમજાવવામાં આવી રહ્યું છે.

તદઅનુસાર, જિલ્લામાં થઇ રહેલી ઉક્ત કામગીરીના ભાગરૂપે આજે ગરૂડેશ્વર તાલુકાના અકતેશ્વર ખાતે ગામની પ્રાથમિક શાળાના શિક્ષક અને ડોર-ટુ-ડોર સર્વેલન્સ કરી રહેલા શ્રી હરેશભાઇ કનકસિંહભાઇ રાઠોડે જણાવ્યું હતું કે, નોવેલ કોરોના મહામારીને અનુલક્ષીને ડોર ટુ ડોર સર્વેલન્સની કામગીરી ટીમ થકી કરવામાં આવી રહી છે, જેમાં તાવ, માથાનો દુખાવો, શરદી-ખાંસી જેવા સામાન્ય લક્ષણો ધરાવતા લોકોને સ્થળ પર જ દવાઓ પૂરી પાડવામાં આવે છે. આ સર્વેલન્સમાં Pulse Oximeter અને Thermal Gun નો પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. સર્વે દરમિયાન જો SPO2, ૯૫ ટકા કરતાં ઓછું આવે અથવા ગંભીર બિમારીવાળા દરદીઓ મળી આવે તો તેઓને તાલુકા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખાતે તાત્કાલિક ધોરણે સારવાર અર્થે મોકલી આપવામાં આવે છે.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપ

## ૫ વર્ષીય જીયાને ઢીંગલી અને કિચન સેટની ગીફ્ટ મળતા ચહેરા પર સ્મિત રેલાયુ

# ગંભીર-જીવલેણ બિમારીથી પીડાતા બાળકોની ઇચ્છા પૂરી કરતું "મેક અ વિશ ફાઉન્ડેશન"



અમદાવાદ શહેરની ૫ વર્ષની દિકરી જીયા બારીયાને ઢીંગલી અને કિચન સેટ જોઈએ છે ! એક સંસ્થામાંથી જીયાના પિતાને ફોન આવ્યો...તમારી દિકરીની શું ઈચ્છાઓ છે... તેને શું ગમે છે.. અમે દિયાની આ ઈચ્છાઓ પૂરી કરવા માંગીએ છીએ... જીયાના પિતાએ જીયાને જ ફોન આપ્યો... તેણે કહ્યું મને કિચન સેટ અને બેબી ડોલ જોઈએ છે....મેક અ વિશ ફાઉન્ડેશને જીયાની આ ઈચ્છા પૂરી કરી... પણ કેમ ?

૫ વર્ષની માસુમ જીયા બારીયા જે હજૂ તો જીવન શું છે તે સમજી નથી....બાળપણ શું હોય તે કેમનું વ્યતિત થાય તે જાણતી નથી... દુનિયા કેવી છે?.. દુનિયાદારી શું છે તેનાથી અજાણ છે... કોરોના શું છે .. સોશિયલ ડિસ્ટન્સીંગ શું છે... આ તમામ પ્રકારના પ્રશ્નોની થી અજાણ છે... પરંતુ હા જિયા એક પ્રશ્ન નો જવાબ જરૂરથી જાણે છે.... કે મને... કેન્સર છે.... !

આજે ૨૯ એપ્રિલનો દિવસ વિશ્વભરમાં "વિશ્વ ઈચ્છા દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. અમેરિકા સ્થિત "મેક અ વિશ" સંસ્થા દ્વારા આ દિવસના ઉજવણીની શરૂઆત કરવામાં આવી હતી. આ સંસ્થા ૩૫ થી વધુ દેશમાં કાર્યરત છે. ખાસ કરીને ૩ થી ૧૮ વર્ષના બાળકો કે જેઓ ગંભીર અથવા તો અન્ય કોઇ જીવલેણ બિમારીથી ઝઝૂમી રહ્યા હોય. જીવન-મરણ વચ્ચેનો સંઘર્ષ ખેલી રહ્યા હોય. આવા બાળકોની જીવનમાં રહેલી ઘણી ઈચ્છાની પૂર્તિ માટે આ સંસ્થા કાર્ય કરે છે.

કોરોના મહામારીના આ કપરા કાળમાં ડિસેમ્બર મહિનામાં માસૂમ જિયા પર આભ તૂટી પડ્યુ.. જીયાના પરિવારને ખબર પડી કે દિકરીને બરકીટ લિમ્ફોમાં નામનું કેન્સર છે... જે સાંભળી પરિવાર પડી ભાંગ્યો...અમદાવાદ સિવિલ મેડિસીટીમાં આવેલી કેન્સર હોસ્પિટલમાં સારવાર શરૂ કરાવી...જાન્યુઆરી મહિનામાં પહેલી સર્જરી કરાવી... ત્યારબાદ જીયા હોસ્પિટલમાં દાખલ હતી ત્યારે મેક અ વિશ સંસ્થામાંથી વિવિધ મહિલાઓએ હોસ્પિટલની મુલાકાત લીધી.. આવી અતિગંભીર બિમારીમાંથી પસાર થઈ રહેલા બાળકોની મુલાકાત લઈ તેમના ચહેરા પર સ્મિત લાવવા તેમની ઈચ્છાઓ જાણી..અને તે પુરી પણ કરી...

હવે જીયાની એક જ ઈચ્છા છે કે આ કેન્સર નામની બિમારીમાંથી જલ્દી થી જલ્દી સાજી થઈ જાવ અને અન્ય બાળકોની જેમ હું પણ રમી શકું...

આવો જ એક અન્ય કિસ્સો સુરત શહેરના ૮ વર્ષીય નૈતિક પાટીલ સાથે બન્યો જે એક અતિગંભીર બિમારીથી પીડાઈ રહ્યો છે અને સુરત સ્થિત એક ખાનગી હોસ્પિટલમાં તેની સારવાર ચાલી રહી છે. નૈતિકની આર્મી ઓફિસર બનીને દેશની સેવા કરવાની ઈચ્છા છે અને એક દિવસ આર્મીનો યુનિફોર્મ-ગણવેશ પહેરવાની ઈચ્છા ધરાવે છે. જે માટે આ સંસ્થાએ વડોદરાના આર્મી કેમ્પમાં સંપર્ક કરીને તેની આ ઈચ્છાપૂર્તિ કરવાનો પ્રસ્તાવ મૂક્યો. સંવેદનશીલ આર્મીએ પ્રસ્તાવનો સ્વીકાર કરીને નૈતિકને આર્મીનો ગણવેશ પહેરાવવામાં આવ્યો. એટલું જ નહીં નૈતિકને આર્મીમાં સેલ્યુટ કેમનું કરવું,સાવધાન અને વિશ્રામની સ્થિતિ સમજાવીને તેનું અનુકરણ કરાવવામાં આવ્યું.

આ મેક એ વિશ સંસ્થા દ્વારા અન્ય કોઈ બિમારીથી પીડાતા બાળકો કે જેમના જોડે જીવનપર્યત ખૂબ જ ઓછા દિવસ હોય, બિમારીની ગંભીરતા ઘણી હોય પરંતુ જીવનમાં એક ઈચ્છા હોય જે તેઓ પૂરી કરવા માંગતા હોય.....આવા બાળકોની ઈચ્છા

જીવનપર્યત માનવશરીર ઈચ્છાઓથી ઘેરાયેલું રહે છે. જીવનનિર્વાહ કરતા કરતા વ્યક્તિ ઘણી ઈચ્છાપૂર્તિ કરવા પાછળ જીવનભર દોડતો રહે છે તે છતાં પણ ઘણી ઈચ્છાઓ અધૂરી રહી જાય છે.

અત્રે નોંધવુ જરૂરી છે કે , ભારત દેશમાં પણ ૧૯૯૬ થી આ સંસ્થા કાર્યરત છે. છેલ્લા ૨૩ વર્ષમાં ૮૫૦૦ થી વધુ બાળકોની ઈચ્છાપૂર્તિ કરવામાં આ સંસ્થા સફળ રહી છે.આટલી મોટી સંખ્યામાં બાળકોની ઈચ્છા પૂર્તિ કરીને સ્વપ્નને સાકાર કરીને અગણ્ય બાળકોના ચહેરા પર સ્મિત લાવવાનું કાર્ય આ સેવાભાવી સંસ્થા એ કર્યું છે.

કોરોના મહામારી વચ્ચે પણ છેલ્લા એક વર્ષમાં ફક્ત ગુજરાતમાં જ ૧૬૦૦ થી વધુ બાળકોની વિશ પૂરી કરવામાં આ સંસ્થા સફળ રહી છે.

મેક આ વિશ ફાઉન્ડેશનના ગુજરાત રાજ્યના ડાયરેક્ટર ડૉ. અનિલ ખત્રી કહે છે કે,ગંભીર અને જીવલેણ બીમારીથી પીડાતા બાળકોની ઈચ્છા પૂર્તિ કર્યા બાદ આવા બાળકોમાં જીવન જીવવાની નવીન ઊર્જાનો ઉદય થતા જોવા મળ્યો છે.ઘણા કિસ્સામાં નાનામા નાની ઈચ્છાઓ પૂરી થતાં તેઓ હર્ષોલ્લાસ સાથે આગામી જીવન સરળતાથી પસાર કરતા જોવા મળ્યા છે.

## કોરોના મહામારીમાંથી હે... માતાજી અમોને ઉગારો...

# માંડલ ગામે ખંભલાય માતાજી ટ્રસ્ટ દ્વારા મહાશક્તિ મહાકાલ અનુષ્ઠાનનો પ્રારંભ

### ૮૩ દિવસ, ૯ ભુદેવો બે કરોડ જેટલા મંત્રોનું ઉચ્ચારણ કરશે

। માંડલ । (સં.ન્યુ.સ)

ભાગ્ય બડો તો રામ ભજજ, વખત બડો કછું દેહ, અક્કલ બડી તો ઉપકાર કર જનમ ધર્યા ફળ એહ... આવી એક પંક્તિ કોઈ સાહિત્યમાંથી મળે છે એનો અર્થ એવો છે કે ખરાબ સમયમાં હે માનવી તું રામને ભજીને અને જો એય ના કરવું હોય તો તારી અક્કલ હોંશિયારીથી કોઈને સારો વિચાર આપ, કોઈની સેવા કર કોઈના ઉપર ઉપકાર કર... માંડલ ખંભલાય માતાજી ટ્રસ્ટ દ્વારા આ કોરોનાની મહામારીમાં આજથી એક ભગીરથ કાર્યનો પ્રારંભ કરાયો છે. શ્રી ખંભલાય માતાજી મંદિરના પરિસરમાં શ્રી મહાશક્તિ મહાકાલ મૃત્યુંજય મહાઅનુષ્ઠાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે આ અનુષ્ઠાન આજે તા. ૨૭ એપ્રિલને હનુમાન જયંતિથી લઈને ૧૮ જુલાઈ અષાઢ માસની ગુપ્ત નવરાત્રીની નોમ એટલે કે કુલ ૮૩ દિવસ સુધી ચાલવાનું જેમાં ૯ ભૂદેવો ૐ એ હ્રીં ક્લીં ચામુંડા ય વિચ્ચે નમ તેમજ ચર્તુદશ પ્રણવયુક્ત મહાકાલ મંત્રોચ્ચારનું ઉચ્ચારણ થવાનું છે આ ૮૩ દિવસ દરમ્યાન ૧૧,૧૧,૧૧૧ મંત્રો જેમાં એક મંત્રદીઠ ૧૪ વખત ૐ નું ઉચ્ચારણ થવાનું છે તેમજ આજ મંત્રોથી ૧૧ ભૂદેવો દ્વારા ૧૨,૩૪,૫૬૭ હોમાત્મક મંત્રોચ્ચાર થશે આમ કુલ લગભગ ૨ કરોડ વખત ૐ નું ઉચ્ચારણ થવાનું છે. આ કાળમુખો બનીને દેશની જે સ્થિતી બનાવી છે એ કોરોના વાયરસની મહામારી સામે જે મોક્ષ દ્વારે ગયા છે એવી દિવંગત આત્માઓને શાંતિ મળે તેમજ આખા વિશ્વમાં મહામારીનું સંકટ દુર થાય આ મહાઅનુષ્ઠાનનો મુખ્ય હેતુ છે. આ અનુષ્ઠાનમાં બેસનાર ભુદેવોને સંસ્થા તરફથી જીવન જરૂરિયાત ચીજ વસ્તુઓ આપવામાં આવી હતી આ અનુષ્ઠાન મંડપને સંસ્થાના મેનેજર કનકભાઈ દવે, સ્ટાફમાંથી નીકેતન પંડ્યા, અજય ઠાકોર અને બીપીનભાઈ દ્વારા રીબીન કાપી આ અનુષ્ઠાનનો પ્રારંભ ભવ્ય પુજાવિધિ સાથે કરવામાં આવ્યું હતો આ પ્રસંગે સંસ્થાના સેક્રેટરી મુકેશભાઈ રાવલ, ટ્રસ્ટીઓ, સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં.

ફોટો । ભાવિક પંચાલ



## મનો દિવયાગ બાળકો માટે ઓનલાઈન સમર કેમ્પ

કોરોના મહામારીને કારણે ચાલુ વર્ષે આપણે ×ઑનલાઇન સમરકેમ્પનું આયોજન કરેલ છે.અમે જાણીએ છીએ કે આપના મનોદિવયાગ બાળકો ઘરે રહી ને કંટાળી ગયા છે, જીદ્દી-હાયપર-ચીડીયા બની ગયા છે. તેમને એ પરિસ્થિતિ મા રાહત આપવા ના ભાગ રૂપે તાઃ૩ મે સોમવારથી તાઃ૫ જૂન શનિવાર સુધી સોમ થી શનિ સવારે ૧૦ થી ૧૨ સમર કેમ્પ નુ આયોજન અમે ગુજરાત ના કોઈ પણ સ્થાને રહેતા મનોદિવયાગ લાભાર્થીઓ માટે ,વિનામૂલ્યે કરેલ છે. યોગા- સંગીત-આર્ટ-ક્રાફ્ટ પર આ કેમ્પ હશે. જેમાં સંસ્થાના શિક્ષકો સંગીતાબેન અને કૃતિકાબેન આપને કંઈક નવી ઍક્ટિવિટી શીખવશે,સાથે જુદી જુદી કોમ્પીટીશન પણ રાખવામાં આવશે. એટલે વધુ ને વધુ બાળકો તેનો લાભ લે એવી આશા છે. વધુ માહિતી માટે તથા ઓનલાઈન સમર એક્ટીવીટી ની લીંક મેળવવા ૯૮૨૪૨૬૩૬૦૮ પર મેસેજ કરશો. આ મેસેજ અન્ય સંસ્થા મા કે એમના કે આપની જાણ મા હોય એ બધા વાલી ઓ ને શેર કરવા વિનંતિ છે.

## આંકડા અધિકારી ચેતન પટેલની માનવતા મહેકી

# કોરોના ગ્રસ્ત સગર્ભા બહેનની અરજી ૫ મિનિટ માં અપ્રૂવ કરી ઈન્જેક્શન ધાનેરા મોકલવાની વ્યવસ્થા કરી

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

કોરોના મહામારી સમગ્ર બનાસકાંઠા ને ભરડા માં લીધું છે ત્યારે કેટલાય લોકો પોતાના સ્વજનો માટે બેડ, ઈન્જેક્શન, વેન્ટિલેટર ની આમ તેમ સોધખોળ કરતા હોય છે અને સ્વજન ને બચાવવા બધા પ્રયાસો કરતા હોય છે ત્યારે ધાનેરા તાલુકા ની કોરોના ગ્રસ્ત સગર્ભા બહેન ને ધાનેરા ખાતે સ્વરાજ હોસ્પિટલ માં દાખલ કરવામાં આવી હતી અને પરિવાર ન સભ્યો અને ડોકટર ચિંતા માં મુકાઈ ગયા હતા અને સગર્ભા બહેન ને તાત્કાલિક રેમડેસિવિર ઈન્જેક્શન ની જરૂર પડતાં આ અંગે ની જાણ ધાનેરા યુવા ભાજપ ના આગેવાન કાર્યકર્તા



વિપુલ જોષી ને થતાં જેઓ એ ઈન્જેક્શન લાવવા માટે એડવોકેટ મનોજ ઉપાધ્યાય ને કહી સગર્ભા બહેન ના ઈન્જેક્શન માટે જિલ્લા વહીવટી તંત્ર ધ્યાન દોરી ઈન્જેક્શન ની વ્યવસ્થા માટે કહેતા જિલ્લા એકાઉન્ટ અધિકારી ચેતન પટેલ સાહેબ ના સમગ્ર વાત ની રજૂઆત કરેલ સગર્ભા બહેનની આ જરૂરિયાત ને તાત્કાલિક ધ્યાન માં લઇ રેમડેસિવિર ઈન્જેક્શન ની ૫ જ મિનિટ માં ઓનલાઇન અપ્રૂવ કરી ધાનેરા ખાતે દાખલ સગર્ભા બહેન સુધી ઈન્જેક્શન મોકલી આપેલ આ અંગે વિપુલ જોષી એ જણાવ્યું હતું કે એકાઉન્ટ અધિકારી ચેતન પટેલ સાહેબ દ્વારા માનવતા ના ધોરણે ૨ જીવો ની ચિંતા કરી તાત્કાલિક ઈન્જેક્શન આપ્યું હતું અને સમયસર ઈન્જેક્શન ની વ્યવસ્થા થતાં પરિવાર તંત્ર નો આભાર માન્યો હતો ઉલ્લેખનીય છે કે વહીવટી તંત્ર ના અમુક અધિકારીઓ ખુબ જ એક્ટિવ થઈ માનવતા ના ધોરણે ખુબ સરસ કામગીરી કરી રહ્યા છે

## પોઝિટિવ દર્દીઓ માટે કોવીડ માટે જગ્યા નથી !

# ઓક્સિજનની જરૂરિયાત વાળા દર્દીઓ માટે નર્મદા જિલ્લા વહીવટીતંત્રએ હાથ ઊંચા કર્યા

રાજપીપળા,તા. ૨૮

રાજપીપળા કોવિડ હોસ્પિટલમાં ઓક્સિજનની જરૂરિયાત વાળા દર્દીઓ માટે આઘાતજનક સમાચાર છે.હવે રાજપીપળા કોલેજ હોસ્પિટલમાં ઓક્સિજન વાળા બેડ હાઉસફુલ હોવાથી પોઝિટિવ દર્દીઓ માટે કોવિડ માટે જગ્યા નથી. કારણ તંત્રએ બહાર નો એન્ટ્રી બોર્ડ મારી દીધું છે.રાજપીપળા કોવિડ હોસ્પિટલની બહાર એક બોર્ડ પર એવું લખાણ લખ્યું કે કે હાલ કોવિડ હોસ્પિટલમાં ઓક્સિજનની સુવિધા વાળા બેડ ફૂલ હોવાથી ઓક્સિજનની જરૂરિયાત વાળા પેસેન્ટને એડમિટ કરવામાં આવશે નહિ.જો પેસેન્ટને એડમિટ થવું જ હોય તો ઓક્સિજન વગરના બેડ પર પેશન્ટની જવાબદારી પર એડમિટ કરાશે.જો પેશન્ટને કઈ પણ થાય તો એની સંપૂર્ણ જવાબદારી પેસેન્ટ અને એના સગાની રહેશે હોસ્પિટલની કોઈ જ જવાબદારી રહેશે નહીં. આવા લખાણ કરી આરોગ્ય તંત્રએ હાથ ઊંચા કરી દીધા છે. ત્યારે કોવિડના દર્દીઓ ક્યાં જશે તે દર્દીઓ માટે ચિંતાનો વિષય બન્યો છે. ગઈકાલે એક જ દિવસમાં ૧૨ કોવિડ માં અને ખાનગી હોસ્પિટલમાં ૧ એમ કુલ ૧૩ ના મોતો થયા છે .

આજે બપોરનાત્રણ વાગ્યા સુધીમાં વધુ પાંચ ના મોત થયા છે.ત્યારે કોવિડ હોસ્પિટલની સત્તાવાળાઓએ ઈમર્જન્સી દર્દીઓનો જાણ બચાવવાનો પ્રયત્ન કરવાને બદલે હાથ ઊંચા કરી દેતા આરોગ્યતંત્રની નફ્ફટાઈ સામે પ્રજામાં ભારે રોષ ફેલાયો છે.તંત્રે વધુ બેડ,વધુ વેન્ટિલેટર,પૂરતા ઓક્સિજન આપવાની સરકારની ડાહીડમરી વાતો હવામાં ગળી ગઈ છે.


રાજપીપળા કોવિડ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓને જો અચાનક ઓક્સિજનની જરૂરિયાત ઉભી થાય તો હવે એમણે ક્યાં જવું ?હાલ દેડીયાપાડા અને સાગબારા જેવા અંતરિયાળ વિસ્તારમાં કોરોનાનો કેહેર અને મૃત્યુ આંક પણ વધ્યો છે.વડોદરા, અમદાવાદ અને સુરત જેવા મોટા શહેરોમાં ખાનગી અને સરકારી હોસ્પિટલમાં પણ બહારના જિલ્લાના દર્દીઓ માટે બેડ ખાલી નથી.

ત્યારે નર્મદા જિલ્લાની ગરીબ પ્રજાની એક માત્ર આશા રાજપીપળા કોવિડ હોસ્પિટલ પર રાખી બેઠી છે.તો નર્મદા જિલ્લાના બેદરકાર અને નબળા વહીવટી તંત્રના અધિકારીઓ પણ ઓક્સીજનની જરૂરિયાત વાળા દર્દીઓ માટે રીતસરના હાથ ઊંચા કરી દેતા લોકોમાં તંત્ર સામે શરમ શરમ ના પોકારો ઉઠી રહ્યા છે .

રિપોર્ટઃ જ્યોતિ જગતાપ , રાજપીપળા

## 2nd LARGEST COVID CARE CENTER IN INDIA

RSS has built 6000 bed covid care centre and 4 oxygen plants in 45 acres of land in Indore




**રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે ઈંદોર માં ૪૫ એકર જગ્યામાં ૪ ઓક્સિજન પ્લાન્ટ સાથે ૬૦૦૦ બેડ વાળુ ભારત નું સૌથી મોટું કોવિદ કેર સેન્ટર ઉભું કરીને તેને અહલ્યાબાઈ હોલ્કર નામ આપ્યું, તેને સમર્પિત.**

## દેશભરમાં અસ્થિ વિસર્જન માટે જાણીતું કરનાળી

# નર્મદા તટે અસ્થિ વિસર્જન માટે મોટી સંખ્યામાં ઉમટતા લોકો માટે બ્રેક લગાવાઈ

### કુદરતની બલિહારી કહો કે તે કરુણતા તે આનું નામ મૃતકને પવિત્ર નર્મદા માં અસ્થિ વિસર્જન માટે જગ્યા નથી!.

રાજપીપળા,તા. ૨૮

ગુજરાતભરમાં કોરોના ના કેસો વધતા જતા હોવા ઉપરાંત મરણ નો આંકડો ક્રમશઃ વધી રહ્યો છે ત્યારે હવે હું તકોના અગ્નિ સંસ્કાર અને નર્મદા કિનારે ક્રિયાકરમ અને અસ્થિ વિસર્જન માટે લઈને પડી રહી છે.તો બીજી તરફ સરકાર ની ગાઈડલાઈન મુજબ મૃત્યુ પ્રસંગ માં ૫૦ થી વધુ લોકોને જવાની મનાઈ છે તો નદી કિનારે પણ હવે વિધિ માટે પાંચથી વધુ લોકોને જવા દેવાતા નથી છતાં લોકોની ધાર્મિક લાગણી ન દુભાય તે માટે લોકો નિયમો તોડીને નર્મદા કિનારે અસ્થિ વિસર્જન કરવા હડિયાદોડી કરી રહ્યા છે ત્યારે દેશભરમાં અસ્થિ વિસર્જન માટે જાણીતું કરનાળી નર્મદા તટે અસ્થિ વિસર્જન માટે મોટી સંખ્યામાં મળતાં લોકો માટે બ્રેક લગાવી છે.

કરનાડી જુથ ગ્રામ પંચાયતે બહારથી આવતા પ્રવાસીઓ તેમજ અસ્થિ વિસર્જન કરવા કરનારી આવતા લોકો માટે પ્રતિબંધ ફરમાવી બહારના લોકોને ગ્રામ માં પ્રવેશ કરવો નહીં તેવો આદેશ કરી દેવાયો છે. કરનાળી જુથ ગ્રામ પંચાયત દ્વારા કરનારી જુથ ગ્રામ પંચાયત દ્વારા જાહેર જનતાને આ અંગે અપીલ કરી છે કે કોરોના વધુ ફેલાવો ના થાય તે માટે કરનારી ગ્રામમાં લોકડાઉન કરવામાં આવ્યું છે.તેથી બહારથી આવતા પ્રવાસીઓ તેમજ અસ્થિવિસર્જન એ કરનારી ગામમાં પ્રવેશ નહીં કરવા ગ્રામ પંચાયતે નિર્ણય પ્રવેશ બંધી ફરમાવી દીધી છે.

રિપોર્ટ :જ્યોતિ જગતાપ,રાજપીપળા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.